ડ. ક. સત્ય ખ. સત્ય ગ. સત્ય ઘ. અસત્ય

૩. નીચેના દૃષ્ટાંતોમાં કયાં કયાં નયો સમાયેલા છે?

૧. તિર્થંકર સમજી ભરત મરિચિને ત્રણ પ્રદક્ષિણા આપે છે.

૨. ભારત દેશમાં સ્ત્રીઓની સંખ્યા પુરુષો કરતાં વધુ છે.

૩. કરોડપતિના દીકરાને કમાવાની શું જરૂર છે? હું મારા પગ ઉપર જ ઊભો રહીશ.

૪. ચારે ફિરકાના સાધુ વીરવેષધારી છે. સ્વામીનારાયણ, બ્રહ્મકુમારી સર્વ વંદનીય છે.

૫. જાણે સાક્ષાત્ મલ્લિકુમારી ન હોય તેવી રીતે તેણીની પ્રતિમા સાથે રાજકુમારી વાતો કરે છે.

૬.શ્રી સીમંધર સ્વામી ચતુર્વિધ સંઘ સ્થાપી ભવ્ય જીવોને દેશના આપે છે.

૭. નરેન્દ્ર મોદી દેશની અપેક્ષાએ કરોના રોગમાં જીવોની રક્ષામાં વધુ તત્પર છે.

અ. (૧) શબ્દ (૨) નૈગમનય (૩) વ્યવહાર (૪) સંગ્રહ (૫) ઋજુસૂત્ર (૬) એવંભૂત (૭) સમભિરૂઢ

બ. (૧) વ્યવહાર (૨) શબ્દ (૩) ઋજુસૂત્ર (૪) સંગ્રહ (૫) નૈગમનય (૬) એવંભૂત (૭) સમભિરૂઢ

ક. (૧) એવંભૂત (૨) સમભિરૂઢ (૩) શબ્દ (૪) ઋજુસૂત્ર (૫) વ્યવહાર (૬) સંગ્રહ (૭) નૈગમનય

ડ. (૧) નૈગમનય (૨) સંગ્રહ (૩) વ્યવહાર (૪) ઋજુસૂત્ર (૫) શબ્દ (૬) સમભિરૂઢ (૭) એવંભૂત

૪. વસ્તુને સમજવા માટેના રસ્તાને નિક્ષેપ કહેવાય. નીચે આપેલ ૪ વાક્યો કયા નિક્ષેપ જણાવે છે તેમાં આપેલ વિકલ્પોમાં કયો ક્રમ સાચો છે તે જણાવો.

૧. આજથી પાંચ દિવસ પહેલા પ્રભુનો જન્મ કલ્યાણક ઉજવ્યો અને કેવલજ્ઞાન કલ્યાણક આવશે.

૨. આનું રૂપ / સૌંદર્ય વગેરે પરી તુલ્ય ભાસે છે.

૩. લજ્જા કેમ આટલી બધી શરમાય છે. દેખાતી નથી, જવાબ નથી આપતી?

૪. પાણી જેવા ગુણો આ બાળકમાં દેખાય છે.

અ. (૧) દ્રવ્ય (૨) સ્થાપના (૩) નામ (૪) ભાવ

બ. (૧) સ્થાપના (૨) દ્રવ્ય (૩) ભાવ (૪) નામ

ક. (૧) નામ (૨) દ્રવ્ય (૩) ભાવ (૪) સ્થાપના

ડ. (૧) નામ (૨) સ્થાપના (૩) દ્રવ્ય (૪) ભાવ

૫. પુસ્તકમાં આપેલ ભવાભિનંદીના પ્રકાર બતાવતો સાચો વિકલ્પ પશ્ચાનુપૂર્વી ક્રમથી જણાવો.

૧. મોન્ટુ જ્યારે જુઓ ત્યારે દુઃખનાં જ ગીતડા ગાય છે.

૨. શ્રેણી હંમેશા એવી ભાવના રાખે છે મારાથી આગળ કોઈ ન થવું જોઈએ.

૩. મમ્મણ પ્રતિદિન માત્ર તેલ ચોળા ખાય છે.

૪. મલ્લીકુમારી સ્ત્રી અવતાર આ અવસર્પીણીમાં પામી.

૫. કુબેરની જેમ પોતાને ધનવાન સમજે છે કશું ન હોવા છતાં પણ.

૬. પોલિસના કારણે ચોર રફતારથી માર્ગ ઉપર દોડી રહ્યો છે.

૭. રક્ષાપોટલી લેવા માટે તેમ જ ધનની પ્રાપ્તિ અર્થે ગુરુ ભગવંત પાસે જાય છે.

૮. ભોગ વિલાસમાં સંપૂર્ણ જીવન વિતાવી દીધું તેમાં જ સુખ માની રહે છે.

અ. ૩, ૫, ૧, ૪, ૨, ૭, ૮, ૬. બ. ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮.

ક. ૧, ૩, ૫, ૭, ૪, ૨, ૮, ૬. ડ. ૬, ૮, ૭, ૨, ૪, ૧, ૫, ૩.

૬. નીચે આપેલ વાક્યો માં જે વિકલ્પ અસત્ય જણાતો હોય તે પસંદ કરશો.

અ. કુતર્ક યુક્ત જીવની ચિંતનશક્તિ તત્ત્વસંબંધી ક્ષીણ થાય છે તેથી શ્રુતરાગ થતો નથી.

બ. મન અશાંત રહે છે. શેખચલ્લી તુલ્ય બુદ્ધિ રહિત હિન વિચારણા ચાલે છે.

ક. શ્રદ્ધા નાશ થવાથી બોધ સ્વરૂપ અંકુરા ખીલતા નથી.

ડ. કુતર્ક સૂક્ષ્મ બુદ્ધિનો અપ્રતિબંધક છે. અવેધસંવેધ પદ પર વિજય મેળવ્યા વિના ચિત્તમાંથી કુતર્કો દૂર થાય છે. તેથી તેણે જીતવા માટે જ્ઞાન આવશ્યક છે.

૭. બોધ સહિત અનુષ્ઠાનનું નામ પસંદ કરો.

૧. હીરા-માણેકની પારખતુલ્ય વિધિ-અવિધિ સહિત આગમશાસ્ત્રોનું જ્ઞાન.

૨. હીરા-માણેકનો પ્રખર વ્યાપારી તુલ્ય.

૩. હીરા-માણેકની પારખ શીખનાર તુલ્ય ૨૩ વિષયોમાં લીન.

અ. (૧) સદ્‌નુષ્ઠાન પૂર્વક બોધ અસંમોહાનુષ્ઠાન (૨) શાસ્ત્રીય બોધ જ્ઞાન પૂર્વક અનુષ્ઠાન (૩) ધર્મ બોધ બુદ્ધિગત ધર્માનુષ્ઠાન.

બ. (૧) ધર્મ બોધ બુદ્ધિગત ધર્માનુષ્ઠાન (૨) સદ્‌નુષ્ઠાન પૂર્વક બોધ અસંમોહાનુષ્ઠાન (૩) શાસ્ત્રીય બોધ જ્ઞાન પૂર્વક અનુષ્ઠાન.

ક. (૧) શાસ્ત્રીય બોધ જ્ઞાન પૂર્વક અનુષ્ઠાન (૨) સદ્નુષ્ઠાન પૂર્વક બોધ અસંમોહાનુષ્ઠાન. (૩) ધર્મ બોધ બુદ્ધિગત ધર્માનુષ્ઠાન.

ડ. (૧) શાસ્ત્રીય બોધ જ્ઞાન પૂર્વક અનુષ્ઠાન (૨) ધર્મ બોધ બુદ્ધિગત ધર્માનુષ્ઠાન (૩) સદ્નુષ્ઠાન પૂર્વક બોધ અસંમોહાનુષ્ઠાન.

૮. નીચે આપેલ દ્દષ્ટાંતોમા પુસ્તકમાં આપેલ સદ્નુષ્ઠાનના ૬ લક્ષણોને ક્રમિક જણાવતો વિકલ્પ કયો છે?

૧. રીટાને ડાયાબિટીસ છે. ડોકટરે દર ૨ કલાકે થોડું ભોજન ગ્રહણ કરવાનું કહ્યું છે. તેમ છતાં તેની દર પર્વ તિથીએ આયંબિલ કરે છે.

૨. ખ્યાતીને રોજ સાધ્વીજી પાસે જઈ સમ્યકદર્શનના લક્ષણો, પૂજા-વંદનની શુદ્ધ વિધિ શું હોય, ધર્મ ક્રિયામાં જોડાવાથી આત્માને શું લાભ થાય, વગેરે વિષયો જાણવાની તાલાવેલી છે.

૩. દ્રષ્ટિના પતિને ધર્મમાં જરાય રૂચી ન હોવાથી તે દ્રષ્ટિને પણ દેરાસર જતા રોકે છે. એક દિવસ ગામમાં સાધુ ભગવંત પધારે છે. પતિદેવને જણાવ્યા વગર દ્રષ્ટિ સાધુ ભગવંત પાસે જઈ પોતાની વ્યથા સંભળાવે છે. બીજે દિવસે ગુરુ ભગવંત ગોચરી વહોરવા દ્રષ્ટિના ઘરે જાય છે અને પતિદેવને ધર્મ દ્વારા જ આત્માનો ઉદ્ધાર છે તે વિષે સંબોધન કરે છે. તે દિવસથી પતિદેવ ભાવપૂર્વક ધર્મ આચરે છે અને દ્રષ્ટિને પણ દરેક પ્રકારે ધર્મ ક્રિયા કરવાની રજા આપે છે.

૪. નાણાના અભાવને કારણે પોતાનું ગુજરાન મંદ ચલાવી શકનાર કીર્તિ અડધો કલાક જિનમંદિર દૂર હોવા છતાં પ્રતિદિન ચાલીને પૂજા કરવા જાય છે. તેને પ્રભુ ખૂબ જ વ્હાલા લાગે છે.

૫. આરાધના રોજ ઉપાશ્રયમાં પધારનાર સાધ્વીજીને વંદન કરવા જાય, તેમને સુખશાતા પૃછના બાદ વિવિધ પ્રકારે તેઓની સેવા-ભક્તિ કરે છે.

૬. શાલીન દર રવિવારે નવકાર મંત્રના જાપમાં જઈ નવકાર મંત્રના જાપમાં લીન બને છે. નવકાર મંત્રના સ્મરણમાં તે અદ્ભુત આનંદ અનુભવે છે. દોષ રહિત બની પ્રભુની આજ્ઞા પ્રમાણે શ્રાવક જીવન વિતાવે છે.

અ. ૧, ૪, ૩, ૬, ૨, ૫. બ. ૧, ૨, ૩, ૪, ૫, ૬.

ક. ૧, ૫, ૩, ૨, ૬, ૪ ડ. ૩, ૧, ૨, ૫, ૪, ૬.

૯. નીચે આપેલ વાક્યોમાં ભવાતીતાર્થયાયી વિષયક વિષમ વિકલ્પ શોધો?

અ. ભવાતીતાર્થયાયી સર્વ જીવોને મુક્તિ, મુક્તિમાર્ગ, ઉપદેશક એવા સર્વજ્ઞ ભગવંતો એક હોય છે.

બ. ભવાતીતાર્થયાયી જીવો અસંમોહાનુષ્ઠાન યુક્ત હોય છે તેમજ શીઘ્ર મોક્ષ સુખ પ્રાપ્ત કરે છે. આ જીવો પરમતત્ત્વના જાણકાર હોય છે.

ક. પૌદ્‌ગલિક સુખો આત્માને સુંદર ભાસે છે, વિકૃત ભાવોમાં ચિત્તને આસક્ત બનાવે છે. પુણ્ય કર્મના ઉદયથી પ્રાપ્ત પૌદ્‌ગલિક સુખોને માણતા જીવો ભવાતીતાર્થયાયી કહેવાય છે.

ડ. ૪ થી ૧૪ ગુણ સ્થાનકવાળા જીવો પ્રશમ ભાવમાં ચાલનારા છે. તેમનામાં પ્રશમભાવની તરતમતા છે કિન્તુ માર્ગ ભેદ નથી.

૧૦. આપેલ વાક્યોમાં સમીચીન વિકલ્પ શોધો.

અ. ૧. દીપ્રાદ્રષ્ટિનાં અંતમાં મંદ મિથ્યાત્વ હોય છે.
૨. ૧થી ૪ દ્રષ્ટિવાળો જીવ મિથ્યાત્વી હોય છે.

બ. ૧. વેદ્યસંવેદ્ય પદ ચોથી દ્રષ્ટિમાં હોય છે, જીવ સૂક્ષ્મબોધ પામે છે.
૨. ચોથી દ્રષ્ટિમાં સમ્યકત્વ ગુણ અપ્રગટ છે. પાંચમી દ્રષ્ટિથી સમ્યક્ત્વ ગુણ આવે છે.

ક. ૧. બુદ્ધ, કપિલ, મહાવીર નામથી ભેદ છે. સર્વજ્ઞતા સમાન છે.
૨. અક્ષપાદ, કણાદ વગેરેમાં નામમાત્રથી ભેદ છે. સર્વજ્ઞત્વનો અભાવ છે.

ડ. ૧. કુતર્ક વિનાની દશા મુમુક્ષુ આત્માઓને ઉપકારક નીવડતી નથી.
૨. કુતર્ક કરવાની ભાવના પ્રવૃત્તિશીલ બને છે. કેમ કે આગ્રહ દશા ચાલી ગઈ છે.

૧૧. દીપ્રા દ્રષ્ટિ અંગે જણાવેલ આ ચાર વિકલ્પોમાંથી સત્યને જણાવનારો કયો વિકલ્પ અસત્ય નથી?

અ. દીપક જેવો પ્રકાશ છતાં આત્મ જાગૃતિ પૂર્ણ રૂપે ખીલતી નથી, તો પણ મિથ્યાત્વાદિ દોષોને દૂર કરવાનો થોડો પણ પ્રયત્ન તો કરે જ છે. પરિભ્રમણનું જ્ઞાન પૂર્ણાંશે ન હોવાથી સાધનામાં લક્ષ્ય તો દિશા વિનાનું જ બની જાય છે. છતાં આત્મ જાગૃતિ ખીલતી જ રહે છે.

બ. ૪થી દ્રષ્ટિમાં સ્વીકારેલા ધર્મયોગમાં ચિત્તની સ્થિરતા જેટલી આવશ્યક છે. તેના કરતાં વધુ આવશ્યકતા યોગ ધર્મનું બળ વધારવું તે છે. તેથી જ આ દ્રષ્ટિમાં રહેલા આત્માઓ કુંભક, રેચક અને પૂરક પ્રાણાયામને સાધે છે. અને 'તત્ત્વ શુશ્રૂષા' નામના આત્માના ઉપાદાનથી ગુણથી ભાવ-પ્રાણાયામ નામના યોગના અંગને પણ સાધે છે.

ક. અવેધસંવેદ્યપદને અનુભવતા આત્માને સૂક્ષ્મ બોધ હોતો નથી છતાં ભવભ્રમણનું સાચું નિદાન થઈ ચૂક્યું છે. વધુ સમય સુધી આત્મામાં પ્રકાશ પથરાયેલો સ્થિર રહે છે. છતાં ચિત્તનો ઉત્થાન વગેરે દોષો પ્રતિબિંધક બને છે અને મોક્ષ પ્રાપ્તિને અનુકુળ ધર્મ સાધનામાં સાવધાન બનેલો રહે છે.

ડ. ૪થી દ્રષ્ટિમાં ભૌતિક સુખની આસક્તિરૂપે જે બાહ્યભાવો છે તે અનાદિકાલિન મોહની પરવશતાથી પડેલા આત્મદશાના ભાવો છે. આ બધા ભાવો આત્માની પરિણતિ સ્વરૂપ હોવાથી વિભાવાત્મક છે, સ્વભાવાત્મક નથી. પણ કહેવાય તો આત્માના ભાવાત્મક જ નહિ કે દ્રવ્યાત્મક.

૧૨. ચોથી દ્રષ્ટિમાં આવેલો જીવ કુંભક-રેચક-પૂરક (દ્રવ્ય અને ભાવ) પ્રાણાયામ નામના અંગને સાધે છે ત્યારે કેવા વિકલ્પોમાં કેવી યોગ-દશામાં આત્મા વર્તે છે તેમાં નીચે આપેલ વિકલ્પોમાંથી કયો વિકલ્પ અસત્યતાનું દર્શન કરાવતો નથી?

અ. આ દશામાં બાહ્ય-અશુભ ભાવોને ત્યાગવા, અંતર ભાવની વિચારણા, સ્વભાવ દશાની રમણતા રૂપ ભાવોને આત્મામાં પૂરે છે. અને આત્મગુણોને આત્મામાં સ્થિર કરવા અને આત્મ કલ્યાણ માટે ધર્મ-તત્ત્વનું મહત્વ સમજાય છે. છતાં ચિત્તની અસ્થિરતા નામનો દોષ ધર્મયોગમાં બાધક બને જ છે છતાં સામર્થ્ય-સ્થિરતા જગાડી સાવધાન બને તો દોષ નાશ પામી શકે.

બ. શ્વાસ આદિને બહાર કાઢવો, નવો શ્વાસ ભરવો, શ્વાસને સ્થિર કરવો આ બધું દ્રવ્ય પ્રાણાયામ સહિત, ભાવપ્રાણાયમ બાહ્ય ભાવોને રેચક અંતર ભાવોનો પૂરક અને સ્થિરતા ગુણોનો કુંભક રૂપ ભાવ પ્રાણાયામ કરનારો આત્મા તત્ત્વ શ્રવણમાં લીન બનેલા યોગીના બધા પુદ્ગલ ભાવો છૂટી ગયા હોય છે અને પૂર્ણ આત્મ તત્ત્વ પ્રગટ કરી દે છે.

ક. પ્રાણ કરતાં પણ ધર્મ અધિક છે. પહેલા ગુણસ્થાનમાં વધુમાં વધુ વિશુદ્ધિ આ દ્રષ્ટિમાં ગણાય છે. સમક્તિ પ્રાપ્ત કરવાની અતિ નજીકમાં આ દ્રષ્ટિ હોવાથી આત્મા વેદ્યસંવેધ પદને આ દ્રષ્ટિમાં અનુભવે છે.

ડ. પરમાત્માની શુદ્ધ ભક્તિ ભવ ઉદ્વેગ આદિ યોગના બીજની વાવણી થઈ, તત્ત્વ શ્રવણ રૂપી અમૃત જલનો સંયોગ પણ થવાથી યોગ બીજના અંકુરા રૂપ અનેકગુણો આત્મામાં પ્રગટી ચૂક્યા છે. આ દ્રષ્ટિથી જ આત્માનો સાચો અભ્યુદય શરૂ થાય છે.

૧૩. ચોથી દ્રષ્ટિમાં આવેલા જીવને સુખમય સંસાર પણ ભવ વૃદ્ધિ કરાવનારો લાગે તેના સત્ય કારણોમાં અસત્ય વિકલ્પ કયો નથી?

અ. ખારા પાણી સમાન મિથ્યાત્વ નું શ્રવણ છોડી, ભવ પરંપરા ઘટે તેવા વિકલ્પો કરે, યોગ બીજો અંકુરિત કરે, પ્રાપ્ત થયેલા ગુણોમાં રમે, સદ્ગુરુ પ્રત્યે અદ્રોહનો અભાવ થાય તો આ દ્રષ્ટિ આવે.

બ. તત્ત્વ શુશ્રૂષા નામનું ઉપાદાન પરિપક્વ થવાથી, સદ્ગુરુનો યોગ થવાથી પ્રાપ્ત થયેલા તત્ત્વ શ્રવણરૂપી અમૃતના ઘુંટ ઘુંટ પીવાથી, આત્માથી વિમુખ કરાવે તેવા મિથ્યા તત્ત્વોના શ્રવણ રસ છોડી દેવાથી આ કક્ષા આવે છે.

ક. મિથ્યાત્વ ઘણું મંદ થઈ ચૂક્યું છે. આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત થઈ છે. શરીર આત્માના ભેદનો બોધ તથા સંવેગ-વૈરાગ્યનો પરિણામ જાગ્યો છે. સદ્ગુરુ પાસે તત્ત્વ શ્રવણની જીજ્ઞાસા અતિ જાગી છે. પરંતુ સ્થૂલ બોધ જ આત્મામાં પ્રગટ્યો છે. સૂક્ષ્મ બોધ નહિ.

ડ. ક્યાં ભૂતકાલનું દોષમય-અજ્ઞાનમય જીવન? અને ક્યાં આજનું ગુણમય જીવન? ‘જીવનમાં જ્ઞાન પ્રકાશ પાથરનારા ગુરુ ભગવંતોનો જ પરમ ઉપકાર છે, નહિ તો મારી શી દશા થાત?’ આવી વિચારણા-વિકલ્પો આ દશામાં આવતાં જ સંસાર-સુખના બધા જ ભ્રમો-વિપર્યાસો નીકળી જાય છે.

૧૪. પ્રભુ પ્રતિમામાં પ્રભુ પણું માનવું તે - નય-નિક્ષેપા અંગે અતિ સૂક્ષ્મ જ્ઞાન હોવું જોઈએ તે કથન દ્વારા પ્રભુ પ્રતિમા અંગે બતાવેલા આ ચાર વિકલ્પોમાંથી કયો અસત્ય નથી?

અ. સમવસરણમાં બેઠા હોય ત્યારે જ પ્રભુમાં પ્રભુપણું ગણાય એવું એવંભૂત નય કહે છે અને ત્યારે જ ભાવ નિક્ષેપો પણ કહેવાય. કેવલજ્ઞાન, વિતરાગતાને પામેલા દેશના આપતા હોય ત્યારે જ પ્રભુમાં સત્ય દર્શન થાય છે.

બ. વ્યવહાર નય કોઈ પણ વસ્તુના ત્રણે કાળને માન્ય રાખે છે. તેમ જ ભાવ-નિક્ષેપાની આગળ-પાછળની અવસ્થા તે દ્રવ્ય નિક્ષેપો છે. તે ત્રણે કાળમાં ઘટી

શકે છે તો પ્રભુની પ્રતિમામાં પ્રભુ પણું માનવું તે વ્યવહાર નય પણ સાચો જ છે.

ક. પ્રતિમામાં પ્રભુ પણું માનવું તે 'નૈગમ નય' કહે છે, મંદિરમાર્ગી જૈનો પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવીને સ્થાપના નિક્ષેપે પ્રભુની પ્રતિમાને પ્રભુ પણે માને છે. નય-નિક્ષેપાની અપેક્ષાએ આ પણ યથાર્થ કહી શકાય.

ડ. શંખેશ્વર પાર્શ્વનાથના નામ નિક્ષેપાનું સ્મરણ કરતાં, શંખેશ્વર દાદાની પ્રતિમા નજર સામે આવે છે. તેથી તે પણ નામ નિક્ષેપે નૈગમનયથી પ્રભુ પ્રતિમામાં પ્રભુપણું માનવા યોગ્ય જ છે.

૧૫. બુદ્ધિનો અંધાપો અને દુર્ગતિનું કારણ એવું 'અવેધસંવેધ પદ' કયા વિકલ્પ વડે જીતી શકાય તેના અસમંજસ ઉપાયોનો અભાવ શેમાં ઘટી શકે?

અ. બોધ-રોગ, શમાપાય, શ્રદ્ધાભંગાદિ દોષો ટળ્યા વિના પણ આ પદ પ્રાપ્ત કરવું શક્ય નથી, જ્ઞાનદશા આવી જાય પણ કુતર્કો ન છૂટે તો તત્ત્વ પ્રત્યેની ચિંતન શક્તિ જ ક્ષય થઈ જાય છે. છતાં જ્ઞાન દશા જ આ પદને જીતાવી શકે છે.

બ. ગીતાર્થ ગુરુની અનુભૂતિપૂર્વકની દેશનાનું શ્રવણ અને આગમ શસ્ત્રોના અભ્યાસ અને અનુભૂતિ વિના અવેધસંવેદ્ય પદ જીતી શકાય જ નહિ, અજ્ઞાન દશા જીતવા તેના કરતાં વધુ પ્રબળ જ્ઞાન દશાવાળા બનવું જોઈએ.

ક. કદાગ્રહ છૂટે, અનેકાન્તવાદ સમજાય, આત્માની અનુભૂતિ થાય ત્યારે અવેદ્યસંવેદ્ય પદ જીતાય જ છે. કુતર્કવાદી બધું કુતર્ક કરી પછી સત્ય સમજી સત્યનો સાક્ષાત્કાર કરી નિઃશંસયી બનીને સત્ય તત્ત્વનું સંવેદન કરી શકાય, સાધુસંગની જરૂર નથી તેમ માને છે.

ડ. અવેધસંવેધ પદને જીતવાનો ઉપાય સાધુ સંગ, આગમોનું પઠન, મનન અને તેના દ્વારા કુતર્કોનો પ્રચાર મનમાંથી નીકળી જાય છે તેથી મૂર્ખતા-અજ્ઞાનતા પણ નીકળી જાય છે અને તેના દ્વારા અતિન્દ્રિય પદાર્થોના કુતર્કો પણ નીકળી જવાથી આ પદ મેળવી શકે છે. પણ કુતર્કો દ્વારા જ જ્ઞાન દશા ખીલે છે એમ માને છે.

■

# સ્થિરા દ્રષ્ટિ

**વિભાગ ૧ – નીચે આપેલ વિકલ્પમાંથી સાચો ઉત્તર આપો. (દરેકના ૧ માર્ક)**

૧. મારા આત્માએ અનંતા ભવભ્રમણ કેમ કર્યા તેનું સાચું કારણ શું?
અ. ભ્રાંતિ દોષનો ત્યાગ બ. વિષયોનો ઉપભોગ
ક. વિષયોથી વિમુખતા ડ. આત્મ બળ

૨. ભ્રાંતિ દોષ આત્માને શું નુકસાન કરે છે?
અ. સમારોપ જ્ઞાન બ. વેદ્યસંવેદ્ય પદ પ્રાપ્તિ
ક. સંશયાત્મક જ્ઞાન ડ. મોક્ષ પ્રત્યે રાગ

૩. દીપ્રા દ્રષ્ટિનો પ્રકાશ ચિત્ત પ્રદેશમાં શું વિશેષ પ્રાપ્ત કરાવે છે?
અ. આત્મ તત્ત્વની પ્રાપ્તિ કરાવે બ. સ્પષ્ટ અને નિર્મળ બોધની પ્રાપ્તિ કરાવે
ક. આત્મ તત્ત્વ તરફ દ્રષ્ટિ કરાવે ડ. સૂક્ષ્મ તત્ત્વની સમજ આપે છે

૪. પ્રાણાંત કષ્ટ આવે તો પ્રાણ છોડવા તૈયાર પણ ધર્મ તો ન જ ત્યાગે કયો ચિત્ત પરિણામ હશે?
અ. પ્રાણ કરતાં ધર્મ વધુ ઉત્તમ છે
બ. સંસારથી રક્ષણહાર ધર્મ જ છે
ક. ધર્મ તે જન્મ-મરણ જ ન કરવું પડે તેવી સ્થિતિ આપે છે
ડ. પ્રાણનો ત્યાગ એ જ સાચો ધર્મ

૫. કયો ગુણ આત્મામાં પ્રગટે ત્યારે બાહ્ય ભાવોથી વિમુખ થઇ આત્માના ભાવોમાં આગળ વધે છે?
અ. સાંસારિક ભાવોની આસક્તિ બ. સૂક્ષ્મ બોધની પ્રાપ્તિ
ક. વિષય-કષાયની પરિણતી ડ. ઉપકારક તત્ત્વ વિમુખતા

૬. પાંચમી દ્રષ્ટિમાં જીવ કઈ પ્રકારની સિદ્ધિની ઝંખના કરે છે?
અ. ક્ષાયિક ભાવની બ. ઔદેયિક ભાવની ક. પુણ્યોદય જન્ય ડ. પાપોદય જન્ય

૭. શરીરને વાયુ સમાન હલકું/ભારે કરવાની શક્તિ તે કઈ સિદ્ધિ છે?
અ. અણિમા/મહિમા બ. મહિમા/અણિમા ક. ગરિમા/મહિમા ડ. લઘિમા/મહિમા

૮. પાણી ઉપર ચાલનાર અને શરીરને અણુ સમાન નાનું કરનાર વ્યક્તિએ કઈ સિદ્ધિ વશમાં કરી છે?

અ. પ્રાકામ્ય/અણિમા બ. કામાવસાયિત્વ/અણિમા

ક. વશિત્વ/અણિમા ડ. વશિત્વ/ઈશિત્વ

૯. અજ્ઞાનરૂપી ગ્રંથિનો ભેદ થવાથી પંચમ દ્રષ્ટિમાં આવેલ જીવને પૂર્વ કરેલ ક્રીડા કોના સમાન લાગે છે તેમાં ગ્રંથમાં કયું દ્રષ્ટાંત આપેલ નથી?

અ. બાલધૂલી ક્રીડા બ. શ્રુત વિવેક ક. ગન્ધર્વનગર ડ. સ્વપ્ન

૧૦. સ્થિરા દ્રષ્ટિમાં જીવને પુણ્યોદયથી પ્રાપ્ત ભોગો કોના જેવા લાગે છે?

અ. આસક્તિ દૂર કરનારા બ. પાપ કરાવનારા

ક. તૃષ્ણા ઘટાડનારા ડ. સંસાર તારાવનારા

**વિભાગ ૨ - ખાલી જગ્યા પૂરો (દરેકના ૧/૨ માર્ક)**

૧. પાંચમી દ્રષ્ટિમાં પ્રકાશ જેવો હોય છે.

અ. દીપક બ. ચંદ્ર ક. તારા ડ. રત્ન

૨. સ્થિરા દ્રષ્ટિમાં આવ્યા બાદ જીવનો મોક્ષ ઉત્કૃષ્ટ કાળે થાય છે.

અ. અનંત બ. અર્ધપુદગલ પરાવર્ત

ક. અંતમુહુર્ત ડ. ત્રીજે ભવે

૩. સંસારી જીવની સામાન્યપણે વિચારધારા હોય કે ભોગો ભોગવી લેવાથી ન થાય.

અ. ઈચ્છા તૃપ્ત બ. વાસના શાંત ક. ચિત્ત શાંત ડ. ભોગેચ્છા નાશ

૪. પાંચમી દ્રષ્ટિમાં દોષ દૂર થશે.

અ. સ્વ ખેદ બ. ક્ષેપ ક. ભય ડ. ભ્રાન્તિ

૫. આત્મામાંથી ભ્રમાત્મક જ્ઞાન ચાલ્યું જાય છે તેનું કારણ.

અ. વેધ સંવેધ બ. સ્થિરતા ક. જ્ઞાનદશા ડ. મિથ્યાત્વનું ચાલ્યા જવું

૬. દીપ્રા દ્રષ્ટિનો બોધ સરખો હોઈ શકે.

અ. રત્ન બ. ચંદ્ર ક. સૂર્ય ડ. દીવા

૭. ૪થી દ્રષ્ટિમાં દોષ નીકળી જાય છે.

અ. ઉદ્‌વેગ બ. ખેદ ક. ક્ષેપ ડ. ઉત્થાન

૮. સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્ર જ મુક્તિ ની પ્રાપ્તિ કરાવે છે તેવું જ્ઞાન જીવને હોય છે.
અ. બલા દ્રષ્ટિમાં બ. ૪થી દ્રષ્ટિમાં ક. તારાદ્રષ્ટિમાં ડ. મિત્રા દ્રષ્ટિમાં

૯. સ્થિરા દ્રષ્ટિમાં આવતા જ જીવને પ્રાપ્ત થાય છે.
અ. અત્યંત દુઃખ બ. આધ્યાત્મિક પતન
ક. આત્માના અભ્યુદયની શરૂઆત ડ. મુક્તિ

૧૦. સ્થિરા દ્રષ્ટિમાં ન હોય.
અ. સમ્યક્જ્ઞાન બ. સમ્યગ્દર્શન ક. ચારિત્ર મોહનીયનો ઉદય ડ. મિથ્યાત્વ

**વિભાગ ૩ - નીચે આપેલ વાક્ય કઈ સજ્ઝાય અને કઈ ગાથાના છે તે જણાવો.**

**(દરેકના ½ માર્ક)**

૧. આત્માના જ્ઞાનાદિગુણોનું આકર્ષણ વૃદ્ધિ પામે છે. કઈ ઢાળ કઈ ગાથાનો ભાવ છે.
અ. ૫ / ૩ બ. ૫ / ૪ ક. ૫ / ૬ ડ. ૫ / ૫

૨. ધર્મથી ઉત્પન્ન થયેલા ભોગો પણ આગ કરતાં વધુ દાહક - છે. આવી ઘટના કઈ ઢાળની કઈ ગાથામાં છે.
અ. ૫ / ૨ બ. ૫ / ૬ ક. ૫ / ૪ ડ. ૫ / ૫

૩. વિષય સેવનોએ જ મારું ઘણું નુકસાન કર્યું છે. તેવું આત્મ ભાન થઈ ગયું છે. તે યોગી કઈ દ્રષ્ટિમાં છે તે સૂચવતી ઢાળા - ગાથા જણાવો.
અ. ૫ / ૧ બ. ૫ / ૪ ક. ૫ / ૨ ડ. ૫ / ૬

૪. ભૌતિક સંપત્તિરૂપ ઋદ્ધિ - સિદ્ધિ - લબ્ધિમાં અસ્વરસ હોય છે. તેની પ્રતિતિ કરાવતી ઢાળ - ગાથા જણાવો.
અ. ૫ / ૧ બ. ૫ / ૪ ક. ૫ / ૨ ડ. ૫ / ૩

૫. હલ્કા જીવનમાંથી ઉત્તમ સ્વરૂપ જીવનમાં લાવનાર પ્રભુનો ઉપકાર કેમ ભૂલી શકું. આ કઈ ઢાળની કઈ ગાથા બોલે છે.
અ. ૫ / ૧ બ. ૫ / ૪ ક. ૫ / ૨ ડ. ૫ / ૩

૬. આત્માની અપૂર્વ સિદ્ધિ વૈદ્ય-સંવેદ્યપદથી પ્રાપ્ત થાય છે. આવો ભાવ સૂચવતી ગાથા - કડી?
અ. ૫ / ૧ બ. ૫ / ૫ ક. ૫ / ૩ ડ. ૫ / ૬

૭. ઔદેયિક ભાવની સિદ્ધિઓનું વર્ણન આ ગાથામાં છે.
અ. ૫ / ૧ બ. ૫ / ૫ ક. ૫ / ૩ ડ. ૫ / ૬

૮. પોતે અત્યાર સુધી બાલ્યકાળની જ ચેષ્ટા કરતો હતો એવી સમજ જીવને કઈ ગાથામાં મળે છે?
અ. ૫ / ૧ બ. ૫ / ૪ ક. ૫ / ૨ ડ. ૫ / ૩

૯. ઈન્દ્રિયોના વિષયવિકારોને સુખના સાધન સમજતી માન્યતા આ ગાથામાં તૂટે છે.
અ. ૫ / ૧ બ. ૫ / ૪ ક. ૫ / ૩ ડ. ૫ / ૫

૧૦. ધર્મજનિત પુણ્યોદયે પ્રાપ્ત ભોગો પણ મારા આત્માને ચંદનની અગ્નિ સમાન દાહ ઉત્પન્ન કરાવનારા છે તે ભાવ આ ગાથામાં મળે છે.
અ. ૫ / ૨ બ. ૫ / ૪ ક. ૫ / ૬ ડ. ૫ / ૫

**વિભાગ ૪ - નિર્દેશ પ્રમાણે ઉત્તર આપો (દરેકના ૨ માર્ક)**

૧. પ્રથમ ચાર દ્રષ્ટિવાળા જીવના આત્મિક વિકાસને અનુલક્ષીને નીચેના વાક્યોમાં સમીચીન વિકલ્પ શોધો.
અ. સાંસારિક ભાવોમાં તપ્તલોહપદન્યાસ તુલ્ય અણગમો જાગે છે.
બ. મોક્ષે જવાની તાલાવેલી નથી જાગતી.
ક. ઉદાર, દાક્ષિણ્ય, કોમલ પરિણામથી રહિત જીવ બને છે.
ડ. મોહનો અત્યાગ કરી સરળ જીવ આત્મહિતનો અર્થી બને છે.

૨. સ્થિરા દ્રષ્ટિમાં જીવની બતાવેલ સ્થિતિમાં વિષમ વિકલ્પ શોધો?
અ. રત્નપ્રભાસમ બોધ + વેદ્યસંવેદ્યપદ + અનાગ્રહી
બ. સૂક્ષ્મબોધ ગુણ + અપાર આનંદ + પ્રત્યાહાર યોગાંગ
ક. ભ્રાન્તિદોષ ત્યાગ + રત્નત્રયીની પ્રાપ્તિ + મહોદય (યથાર્થ)
ડ. સૂક્ષ્મબોધગુણ + વેદ્યસંવેદ્યપદાભાવ + મંદોત્સાહ + ભ્રાન્તિશુન્ય

૩. પાંચમી દ્રષ્ટિના લક્ષણો વિષયક અવિરુદ્ધ વિકલ્પ શોધો.
અ. પિત્તળમાં સુવર્ણબોધ તે અનધ્યવસાય.
બ. સ્પષ્ટ બોધાભાવ તે અનધ્યવસાય જ્ઞાન.
ક. રજ્જ કે સર્પ એવું અનિર્ણયસ્વરૂપ જ્ઞાન તે વિપર્યય.
ડ. સમારોપાત્મક (ભ્રાન્તિવાળું) જ્ઞાનથી દ્રષ્ટ નિર્મલ બને છે.

૪. નીચેના વાક્યોમાં જે વાક્યમાં તાત્ત્વિકતા નથી એવો વિકલ્પ પસંદ ન કરશો.
અ. સ્વલબ્ધિથી જ જીવ પશુજીવન ટાળી સુરરૂપ પામે છે.
બ. સાધક આત્મા દોષો જાણ્યા પછી અચિકિત્સક બને છે.
ક. રોહિણી ચોર વીરવાણી સુણી સમ્યકબોધ પ્રગટ કરી મુક્તિવધુ વર્યા.
ડ. મોહ પરવશ જીવ રાજઋદ્ધિ ભોગવી સુખ સાહેબીમાં મ્હાલે છે.

૫. નીચે આપેલ વિકલ્પો માં અસત્ય વિકલ્પને પસંદ ન કરશો.
અ. ક્ષયોપશમજન્ય આઠ મહાસિદ્ધિ જીવને પ્રગટ થાય છે.
બ. સ્વેચ્છાનુસારે ગંગા નદી ઉપર ચાલવાની શક્તિ તે પ્રાકામ્ય.
ક. કોઈ પણ વિષયને અપ્રગટ કરવાની શક્તિ તે ઈશિત્વ.
ડ. સ્વ અંગુલી બળે ચંદ્ર-સૂર્ય સ્પર્શવાની શક્તિ તે વશિત્વ.

૬. નીચે આપેલ વાક્યોમાં અગમ્યના નિષેધવાળો વિકલ્પ શોધો.
અ. જ્ઞાનમાં વસવું તે જ તત્ત્વસાર છે. વિષયો ભ્રમતુલ્ય ભાસે છે. મોહની પરવશતા સ્વને ખૂંચે છે. આત્મસુખ જ સત્ય છે જેથી સ્વમાં રમે પરથી ખસે.
બ. સૂક્ષ્મ બોધ જીવને વિષય સેવનમાં સદૈવ લીન રાખે છે.
ક. નિર્વિકારી મન ચક્ષુ વગેરે ઈન્દ્રિયોની સાથે સંપર્ક સાધી વિષય જન્ય વિકારો પામે છે તેણે પ્રત્યાહાર કહેવાય.
ડ. મનની અનાસક્તિ ચિત્તને અસ્થિર કરે છે એટલે કે સ્વભાવમાં ઠરીઠામ બનીને રહેતું નથી.

૭. નીચે ૪ વાક્યો આપ્યા છે તેમાં અશોભન વિકલ્પ જેમાં નથી તે વિકલ્પ શોધશો નહીં.
અ. ભોગ સેવનથી મનત્રસ્ત બને છે, જીવ ૮૪ લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરી દુઃખી થાય છે.
બ. વિકારો ન કરવામાં મહાત્માઓની વિશિષ્ટ આત્મ પરિણતિ છે. કિન્તુ વિકારશક્તિ વિષયોમાંથી ક્ષય નથી થતી.
ક. પ્રતિબંધકની ગેરહાજરીમાં કારણ સામગ્રી કાર્યશીલ ન બને તેથી એમ કહેવાય કે કારણસામગ્રીમાંથી કાર્યશક્તિ ક્ષીણ થઈ છે.
ડ. ખભા ઉપર ઉચકેલો ભાર થાક લાગવાથી બીજા ખભા ઉપર લઈ જાઈએ તો ત્યાં પણ જેમ થાક લાગે છે તેવી રીતે ભોગેચ્છા નાશ પામતી નથી કિન્તુ તીવ્રભાવે વધે છે.

૮. અતાત્ત્વિક વિકલ્પ લખો?

અ.૧. અંશાત્મક ગુણનો અનુભવ અવિનાશી રૂપે બને છે.

બ. જ્ઞાનાનંદ માનનારો આત્મા જગતમાં શું સાર માને?

બ.૧. વેધસંવેધપદના પ્રભાવથી મુક્તિનું સુખ સાચું લાગે છે.

૨. રત્નત્રયિની આરાધના અનુપાયભૂત છે.

ક.૧. આ દ્રષ્ટિવાળો જીવ પાંચમા ગુણઠાણે છે જ્યાં આત્મપરિણતિ સુંદર છે.

૨. આત્માની એક અપૂર્વ સિદ્ધિ સ્થિરા દ્રષ્ટિથી આવે છે.

ડ.૧. પુણ્યોદયથી પ્રાપ્ત સુખો અને તેના ઉપાયો પ્રત્યે રાગ મુક્તિનું કારણ બને છે.

૨. ચિદાનંદઘન સુયશવિલાસી આત્મા સ્વગુણ ઉપભોગનિરપેક્ષ તેમજ જગત પદાર્થ સાપેક્ષ રહે છે.

૯. નીચે આપેલ વાક્યો ક્રમિક સાચા અથવા ખોટા છે તેના વિકલ્પોમાં ક્રમિક સાચો વિકલ્પ પસંદ કરશો.

ક) સ્થિરા દ્રષ્ટિમાં સર્વ વિરતિના સાધકો જેવી જ્ઞાનાદિગુણમાં રમણતા હોય છે.

ખ) આ દ્રષ્ટિ આત્માના યથાર્થ મહોદયને આપનારી નથી.

ગ) પાંચમી દ્રષ્ટિથી જ આત્માનો અભ્યુદય શરૂ થાય છે.

અ. ખોટું, ખોટું, સાચું　　બ. સાચું, ખોટું, સાચું

ક. સાચું, ખોટું, ખોટું　　ડ. ખોટું, સાચું, સાચું

૧૦. નીચે આપેલ વાક્યો ક્રમિક સાચા અથવા ખોટા છે તેના વિકલ્પોમાં ક્રમિક સાચો વિકલ્પ પસંદ કરશો.

ક) સંસાર સાચે રંગમંચ છે તેમાં માત્ર ખેલ જ કરવાનો છે તેવું ભાન પાંચમી દ્રષ્ટિમાં થઈ જાય છે.

ખ) સોનામાં પીતળની બુદ્ધિ તે વિપર્યય સમારોપ નથી પણ પીતળમાં સોનાની બુદ્ધિ સમારોપ વિપર્યય છે.

ગ) આ દ્રષ્ટિમાં આત્માને હેય-ઉપાદેયનો તેમજ ઉપકારક-અપકારક તત્ત્વનો બોધ પ્રવર્તક હોય છે.

અ. ખોટું, ખોટું, સાચું　　બ. સાચું, ખોટું, સાચું

ક. સાચું, ખોટું, ખોટું　　ડ. ખોટું, સાચું, સાચું

૧૧. નીચેના સંદર્ભમાં કયો વિકલ્પ અસ્ખલિત નથી?

અ. મિત્રાદિ પ્રથમ ચાર દ્રષ્ટિઓથી આત્મા અધ્યાત્મિક વિકાસ તરફ આગળ વધે છે. સંસારના ઉપાયભૂત સાધન-સામગ્રી મેળવવાની ઝંખના જાગ્રત બને છે. ધિટ્ઠા પરિણામ વાળો બની આત્મ અવંચના નથી કરતો. સમ્યક્તત્ત્વજ્ઞાન જાણવાની જિજ્ઞાસા, પિપાસા ઉત્કંઠા જાગે છે.

બ. જે જીવને જે મેળવવું હોય છે તે સંબંધી પરિપૂર્ણ જ્ઞાન મેળવે છે. કિન્તુ સાધન ન મળે તો જીવ દુઃખી થાય છે. તેવી રીતે મુમુક્ષુ આત્માને મુક્તિ સાધવા માટેના ઉપાયભૂત સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ રત્નત્રયી ન મળે તો પારાવાર દુઃખ અનુભવે છે.

ક. કદાગ્રહ છોડી આત્મા સરળ-સમજુ-આત્મહિતનો સાચો અર્થી બન્યો છે. નિર્ધ્વંસ પરિણામ રહિત બની તે ઉદાર-દયાવાન-કોમલ-દાક્ષિણ્ય ગુણવાળો થયો છે. સમ્યક્તત્ત્વ શ્રવણ પ્રાપ્ત કરે છે. તેથી તેની મોક્ષ પ્રાપ્તિ માટેની રઢ તીવ્રતા પામે છે.

ડ. આત્માનો વિકાસ-અભ્યુદય શરૂ અત્રેથી થાય છે. અધ્યાત્મ ભાવ ચઢતે પરિણામે વૃદ્ધિ પામે છે, તેના કારણે અવશ્યમેવ શિવરમણી તે આત્માને વરશે અને આત્મા વાસ્તવિક મહોદયને પામશે.

૧૨. સ્થિરા દ્રષ્ટિ અંગે સમ્યકવિકલ્પ શોધો.

અ ૧. અવેદ્યસંવેદ્યપદના પ્રતાપે ભ્રમ સ્વરૂપવાળું જ્ઞાન છે.

૨. સમારોપ એટલે ભ્રમ સંશય વિપર્યય-અધ્યવસાય પ્રકારે હોય છે.

૩. સાધક આત્મા જ્યાં સુધી દોષોને ન ઓળખે ત્યાં સુધી તેની ચિકિત્સા અશક્ય છે.

બ.૧. દીપકની પ્રભા તેલ, વાટ, પરદ્રવ્યથી નિરપેક્ષતાવાળી છે.

૨. વાયુના વેગથી બુઝાતી નથી કિન્તુ તીવ્ર પ્રભા થાય છે.

૩. અગ્નિ સાધનથી સુવર્ણ નિર્મલ-પવિત્ર, શુદ્ધ-નિર્દોષ બને છે.

ક.૧. અસાર તુચ્છ વિષય સુખો જણાયા હોવાથી મન તેમાં તલ્લીનતા વિનાનું રહે છે. તેથી વિષયોનો ત્યાગ કરી મન સ્વગુણોમાં રાચીને વસે છે.

૨. આત્માને ત્યાજ્ય-ગ્રાહ્ય, ઉપકારક-અપકારક તત્ત્વનો ઉત્કૃષ્ટ સૂક્ષ્મ બોધ વર્તે છે.

૩. સમ્યક્દર્શનગુણને આત્મસાત્ કરવા અવિરતિથી અત્યંત દૂર રહેવું જોઈએ.

ડ.૧. પિત્તળમાં સુવર્ણની બુદ્ધિ તે અનધ્યવસાય છે.

૨. અજ્ઞાનદશાનું સુખ અનંતુ નથી.

૩. વર્તમાનકાળની સમજણ અને ભૂતકાળમાં અનુભવેલું દોષવાળું જીવન જોઈ જીવ શરમાય છે.

૧૩. બાહ્ય-આત્મિક સિદ્ધિ અનુસરી અનુપાદેયના અભાવવાળો વિકલ્પ સંશોધન કરો?

અ. વૈભવ નવા બંગલામાં રહેવા આવેલો છે. સ્વભાવને વિસરી પૌદ્ગલિક પરભાવ સુખમાં મ્હાલી રહ્યો છે. નવા બંગલામાં અતિશય રાચીને વસનાર તે જીવ આજ મારી આત્મ સંપત્તિ છે એમ માની જીવન આનંદપૂર્વક પસાર કરે છે. મનોમન ચિંતવે છે આવી આત્મ ઋદ્ધિ પરભવમાં મને પ્રાપ્ત થાઓ.

બ. મોન્ટુ બાલ્યવયમાં સ્વ મિત્રો સાથે બાલધૂલીક્રીડા કરવા ચોપાટી તરફ જાય છે. રસપૂર્વક ક્રિયા કરી રહ્યો છે. શરીર-વસ્ત્રો ધૂલ વાળા થઈ ગયા છે. આ રીતે બાલ્યવયમાંથી યુવાવસ્થામાં પ્રવેશ થતાં તે ક્રિયા વિસરી જાય છે. મિથ્યાત્વનો ઉદય ટળે છે. સાચી દ્રષ્ટિ ખીલે છે. અજ્ઞાનપૂર્વકની ચેષ્ટા હતી હવે સમજણના ઘરમાં પ્રવેશ કરવો છે. વિવેક જાગે છે. આત્મ જાગૃતિ થાય છે.

ક. મોન્ટુની આંતરિક પરિણતિ ખીલી ઊઠે છે. અફસોસ કરે છે બાલ્યવય અજ્ઞાન-અવિરતિ-અણસમજમાં વ્યતીત કર્યો હવે મારે સમ્યકપથ ઉપર ડગ માંડવા છે તે અનુસારે તાત્વિક પુરુષાર્થ કરીશ અકર્તવ્યને કર્તવ્ય માને, કર્તવ્યને અકર્તવ્ય માની આચરણ કરાયેલી ક્રિયા અજ્ઞાનના અભાવવાળી સત્ ક્રિયા છે. વાસ્તવિક અનુષ્ઠાન છે.

ડ. સ્વ-ઇચ્છા અનુસારે ભૂમિ તુલ્ય પાણી ઉપર ચાલવાની શક્તિ પ્રાકામ્ય છે. સ્વેચ્છા મુજબ પદાર્થને અસ્થિર કરવાની શક્તિ તે કામાવસાયિત્વ છે. ક્ષાયિકભાવની સિદ્ધિમાં અસ્વ રસ જન્મે છે. આંગળીના ટેરવાથી ચંદ્ર-સૂર્ય વગેરે સ્પર્શવા તે ઈશિત્વ સિદ્ધિ છે.

૧૪. નિમ્ન કયો વિકલ્પ અસ્પર્શનીય છે?

અ. રવિને ટી.વી, મોબાઈલ વગેરે યાંત્રિક સાધનો નો વપરાશ અતિપ્રિય હતો. શોખ બની ગયો હતો. ખાધા વિના ચાલે પણ તે સર્વ વિના એક ક્ષણ પણ ન ચાલે. પણ આજે તેને જોઈ આશ્ચર્ય લાગે છે. હવે સમય તેનો વધુ જિનમંદિર-પૂજા-ગુરુ દર્શન-પ્રવચન શ્રવણ-સ્વાધ્યાય વગેરેમાં વ્યતીત થાય છે. સમ્યકપરિણતિ શીલ કેવી રીતે બન્યો?

બ. મન અવિકારી બની ઇન્દ્રિયો-વિષયોની સાથે સંપર્ક કરવા છતાં પણ વિષય જન્ય વિકારો રહિત બને છે. તે યોગાંગ પ્રત્યાહાર નામે ઓળખાય છે. પરમજ્યોતસ્વરૂપ જ્ઞાનમાત્રમાં મન/ઇન્દ્રિયો સાપેક્ષ જોડાણ કરે છે. સૂક્ષ્મ બોધ થી ઊંડી સમજણ પ્રગટ થાય છે. વિષય વિકારો વિહીન બની અંગ (ઉત્કટ) પામે છે.

ક. શીતલ ચંદનથી ઉત્પન્ન થયેલ અગ્નિનો સ્વભાવ બાળવાનો છે. ચંદ્રકાન્ત મણિની હાજરી હોવા છતાં તે અગ્નિ દાહ સ્વભાવને છોડતો નથી. વિષયોમાં વિકાર શક્તિ કંઈ નષ્ટ થતી નથી કિંતુ આત્મ પરિણતિ પ્રગટ થવાના કારણે વિષયોમાં વિકૃતિ ભાવ ઉત્પન્ન થતો નથી. વસ્તુ નિજ સ્વભાવ ક્યારે પણ છોડે નહીં જ.

ડ. ભોગો સારભૂત છે, અર્થ આપનારા છે, અતુચ્છ છે તેવું સંજયને લાગે છે. તે જ જ્ઞાનને તાત્ત્વિક માને છે. તેના અનુસારે જીવન જીવે છે. આત્માને પરભાવનું આકર્ષણ વધે છે અને રત્નત્રયિથી દૂર ભાગે છે. મોક્ષ સુખ અને તેના ઉપાયભૂત રત્નત્રયિની આરાધનામાં આનંદ પામતો નથી. ભોગના સંસ્કાર વધુ દઢતા પામે છે.

૧૫. સુયશવિલાસી બનવા માટેનો કયો વિકલ્પ અદશ્ય વગરનો નથી?

અ. જ્ઞાનાનંદમાં નિમગ્ન બની યશસ્વી જીવન જીવનારા મહાન વિરલ આત્માઓને પર પદાર્થ લોભાવે તેમ નથી. તેથી મહાત્માઓ નિસ્પૃહ હોય છે. આત્મિક ગુણોનો વિચાર સખત પણે મનમાં રમ્યા કરે છે. તેનો આસ્વાદ- આનંદ પ્રાપ્ત કરે છે. પરભાવ રસ હ્રાસ પામે છે.

બ. સમ્યકત્વ અને અવેધસંવેદ્યપદના પ્રભાવથી સત્ સુખ મુક્તિ જ છે અને રત્નત્રયિની આરાધના તેના ઉપાયભૂત આચરણા નથી જ એવું લાગે છે. રાત દિવસ સુખને ઝંખે છે. સુખને વળગીને રહે છે. લીન બને છે. સમ્યગ્જ્ઞાનનું ફલ નિર્લેપ અવસ્થા પાંચમાં ગુણ ઠાણામાં નથી આવતી તો ચોથાની વાત જ ક્યાં છે?

ક. સ્થિરા દ્રષ્ટિવાળો જીવ રસપૂર્વક સ્વગુણોનો સ્વ-સ્વરૂપનો જ સતત વિચાર કરે છે. અપૂર્વ સિદ્ધિ મેળવે છે. વેદ્યસંવેદ્ય પદથી સિદ્ધિ પ્રગટ થાય છે. ચોથા ગુણ ઠાણામાં આટલી ઊંચી પરિણતિ જીવ પામે છે તો પછી ૫-૬-૭ ગુણઠાણામાં આવશે ત્યારે પરિણતિમાં કેવી તીવ્રતા હશે? વિચારણીય છે.

ડ. આલિશાન મહેલ-ભવનમાં રહેનાર મગનને અચાનક શેર બજારમાં નુકસાન થવાથી ઝૂંપડીમાં રહેવા જવું પડે છે. તે એકદમ ગમગીન ઉદાસ બની ગયો છે. તે એક ક્ષણ ત્યાં રહી શકતો નથી તેવી રીતે ચિદાનંદ માણનારો વિવેક નામનો જીવ શબ્દાદિ વિષય સુખોથી રહિત બની આત્મિક આનંદ માણી રહ્યો છે. સદ્ગુણી યશસ્વી જીવન જીવે છે. માત્ર યશનો અનુભવ કરે છે.

# કાન્તા દ્રષ્ટિ

**વિભાગ ૧ - નીચે આપેલ વિકલ્પમાંથી સાચો ઉત્તર આપો. (દરેકના ૧ માર્ક)**

૧. મહર્ષિ પાતંજલ દ્વારા પ્રરૂપિત યોગ સૂત્રમાં અષ્ટાંગ યોગના ષષ્ઠં અંગ વિષે નીચે જણાવેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરશો.

અ. ચિત્ત પોતાના અનિયત ધ્યેયમાં સ્થિર થઇ જાય છે.

બ. આ યોગાંગમાં રમણ કરતા યોગીઓને જ્ઞાનગંગા રહિત રહેવાનું જ ગમે છે.

ક. ધારણા યોગાંગમાં મન સ્થિર થાય છે, મનની સ્થિરતા થી વચન અને કાયાની સ્થિરતા સહજ થાય છે.

ડ. છટ્ઠા યોગાંગમાં શૌચ-સંતોષ આદિ દોષો સારી રીતે અભ્યસ્ત થતા હોય છે.

૨. કાન્તા દ્રષ્ટિમાં પ્રવેશ પૂર્વે અને કાન્તા દ્રષ્ટિમાં પ્રવેશની શરૂઆતમાં બતાવેલ ગુણો વિષે નીચે આપેલ વિકલ્પોમાં ઉચિત વિકલ્પ પસંદ કરશો.

અ. યોગી સર્વથા અનુચિત આચરણના ત્યાગ રહિત નથી હોતા.

બ. યોગી મૈત્રી આદિ ચાર ભાવનાથી યુક્ત હોવાથી તેઓને વેર રહિતતા સંભવે નહીં.

ક. આ યોગીઓને જે વસ્તુ પ્રાપ્ત થવાની જ નથી તે હકીકત જાણતા હોઈ સમતા રાખે છે.

ડ. આ દ્રષ્ટિમાં પ્રવેશતા યોગીને ભોગ એ રોગ છે અને સુખ એ દુઃખ છે તેવું ભાસે છે.

૩. કાન્તા દ્રષ્ટિમાં પ્રવેશ પૂર્વે અને કાન્તા દ્રષ્ટિમાં પ્રવેશની શરૂઆતમાં બતાવેલ ગુણો વિષે નીચે આપેલ વિકલ્પોમાં ઉચિત વિકલ્પ પસંદ કરશો.

અ. યોગી પુરુષ સર્વજનપ્રિયત્વ ગુણવાળા એટલે કે દરેક વ્યક્તિ તેમને પ્રિય લાગે છે તે ગુણવાળા હોય છે.

બ. યોગીને પાપોદય થી દુઃખ પ્રાપ્ત થાય તો પણ ધૈર્યતા પૂર્વક દુઃખો સહન કરવાની તૈયારી હોવાથી અલ્પ પણ ખેદ પામતા નથી.

ક. યોગી પુરુષ વિષયો પ્રત્યે અનાસક્તિ નહીં હોવાથી ધીરતા અને પ્રભાવવત્તા અતિશય અધિક હોય છે.

ડ. આ દ્રષ્ટિમાં પ્રવેશતા યોગીઓને સર્વ ગુણવાન જીવોના ગુણો જોઈ તેમના પ્રત્યે કરુણા ભાવ હોય છે.

૪. કાન્તા દ્રષ્ટિમાં પ્રવેશ પૂર્વે જે ગુણ યોગી પુરુષમાં હોય તેનું વિવેચન કરતા પૂ. ઉપાધ્યાયજી મહારાજ દ્વારા પ્રસ્તુત ભાવમાં કયો વિકલ્પ યથાર્થતા રહિત છે?
   અ. પાંચમી દ્રષ્ટિના અંતે જીવને અલોલુપતા હોવાથી ઈન્દ્રિયોના વિષયોને જરૂરી માત્રા થી અધિક સેવન કરતા નથી.
   બ. વેદ્યસંવેદ્ય પદના અભાવથી અને સમ્યક્ત્વની પ્રાપ્તિ હોવાથી પરમાત્માના શાસન પ્રત્યે પ્રીતિ-શ્રદ્ધા અતિશય દઢ બનેલી હોય છે.
   ક. યોગી પુરુષને ઈન્દ્રિયો પર વિજય હોવાથી વિષયોનું અધિક સેવન નહીં હોવાથી અજીર્ણ આદિ રોગો થતા નથી, છતાં જો પૂર્વબદ્ધ કર્મોના ઉદયે રોગ ઉત્પન્ન થાય તો સમતાથી સહન કરે છે.
   ડ. રોગનું અસ્તિત્વ યોગ સાધનામાં બાધક નથી પરંતુ રોગ સમયે આર્ત-રૌદ્ર ધ્યાન યોગ સાધનામાં બાધક બને છે.

૫. નીચે આપેલ વિકલ્પોમાં કયો વિકલ્પ અયથાર્થ છે?
   અ. કાન્તા દ્રષ્ટિમાં પ્રવેશનાર જીવને મુક્તિ અને મુક્તિના ઉપાયભૂત યોગ સાધના જ ગમતી હોય છે.
   બ. કાન્તા દ્રષ્ટિમાં પ્રવેશનાર જીવ હજુ પ્રમાદી હોવાથી તેમને ભવાભિનંદિતાનો દોષ સંભવે છે.
   ક. આ દ્રષ્ટિમાં પ્રવેશનાર યોગી પુરુષો જ્યાં જેવું આચરણ કરવા જેવું છે તે અવશ્ય આચરે છે.
   ડ. ઋતંભરા બુદ્ધિ આમ તો નિષ્પન્ન યોગનું લક્ષણ છે પરંતુ કાન્તા દ્રષ્ટિમાં પ્રવેશતા જીવને આ ગુણ આંશિક રૂપે પ્રગટ થાય છે.

૬. નીચે આપેલ વિકલ્પોમાં યથાર્થ વિકલ્પ પસંદ કરશો.
   અ. સ્થિરા દ્રષ્ટિમાં તત્ત્વોનો સૂક્ષ્મ બોધ થયો હોવાથી અને કાન્તા દ્રષ્ટિમાં જ્ઞાન દશાનો વધુ વિકાસ થતા તત્ત્વની અધિક ચિંતવણા-વિચારણા પ્રવર્તે છે.
   બ. કાન્તા દ્રષ્ટિમાં ધારણા નામક યોગાંગ, તારા સમાન જ્ઞાન દશા અને અન્યમુદ્ દોષ કેળવાય છે.
   ક. કાન્તા દ્રષ્ટિમાં આવેલ જીવ આત્મજ્ઞાનમાં આકર્ષાયેલા હોવાથી શ્રુતધર્મ રૂપી જ્ઞાનમાં લીન થતા નથી.
   ડ. સાંસારિક ભાવો અલ્પ કાલીન પણ સુખ આપનાર છે માટે પૂર્વ બદ્ધ પુણ્યના ઉદયે પ્રાપ્ત સુખ ભોગ્ય છે, વિઘ્નરૂપ નથી.

૭. કાન્તા દ્રષ્ટિમાં પ્રવેશેલ જીવ વિષયક કયો વિકલ્પ અયોગ્ય નથી?

અ. કેવળ કાયિક વિષય પ્રવૃત્તિ વિશિષ્ટ બંધહેતુ થતી નથી, તેમાં મન ન ભળે તો આત્માને ફાયદો અથવા નુકસાન કારક નથી.

બ. સંસારનું સુખ ઝાંઝવાના જળ સમાન છે આ વચન જેમના જીવનમાં અધ્યાત્મ વસ્યું છે તેમને સમજવું મુશ્કેલ છે.

ક. જ્ઞાની મહાત્માઓનું વિશિષ્ટ જ્ઞાન હોવાથી વૈરાગ્યમાં સુખાભાસ થાય છે.

ડ. સંસારી ભાવોમાં રમણ કરનાર જીવ ભોગમાં આસક્ત હોવાથી સુખમાં અસ્થિર નથી હોતો.

૮. સાંસારિક સુખો કેવા બતાવવામાં આવ્યા છે?

અ. પારમાર્થિક બ. વાસ્તવિક ક. સાકર સમાન ડ. કિંપાક ફળ સમાન

૯. છઠ્ઠી દ્રષ્ટિમાં રહેલ જીવને શું ન સંભવે?

અ. મોહનીય કર્મની પ્રબળતા બ. મોહનીય કર્મનો તીવ્ર ક્ષયોપશમ

ક. આત્માની અજાગૃત અવસ્થા ડ. આત્માનું અચારિત્રીપણું

૧૦. છઠ્ઠી દ્રષ્ટિમાં રહેલ જીવને શું સંભવે?

અ. ક્ષપક શ્રેણી બ. અપૂર્વકરણ ગુણસ્થાન ક. કેવલજ્ઞાન ડ.શીઘ્ર મોક્ષગામીપણું

## વિભાગ ૨ - ખાલી જગ્યા પૂરો (દરેકના ½ માર્ક)

૧. વિષયો તરફની ઈચ્છા ની વિરોધિની છે.

અ. કષાયો બ. મુક્તિ ક. સુખ ડ. સ્થિરતા

૨. ચોથા ગુણસ્થાને રહેલ જીવને નથી.

અ. વિષય સુખનો ત્યાગ બ. વિષય સુખમાં રમણતા

ક. વિષય સુખની ઈચ્છા ડ. વિષય સુખનું આકર્ષણ

૩. શારીરિક રોગ એ ને માટે કર્મ ખપાવવાનો સુઅવસર છે.

અ. રોગી બ. વૈરાગી ક. પ્રત્યેક મનુષ્ય ડ. પ્રત્યેક જીવ

૪. યોગ દશામાં જ ચિત્ત હોવાથી માનસિક પ્રસન્નતા એ ગુણ છે.

અ. અલોલુપતા બ. પરમ તૃપ્તિ ક. પ્રભાવવાળું ચિત્ત ડ. પ્રસાદ

૫. જ્ઞાન પ્રાપ્તિ સાથે વિચારણાનો તાલ મળે તો જ.
અ. સંસાર સુખમય લાગે બ. અવિરતિના ઉત્કટ પ્રયત્ન થાય
ક. ત્યાગ ભાવના પ્રગટે ડ. મુક્તિની સ્પૃહારૂપ નિર્વેદ ગુણ પ્રગટે

૬. કાન્તા દ્રષ્ટિમાં આવેલ જીવને ચારિત્ર મોહનીયનો ઉદયે ધંધો વ્યવસાય કરતા હોય તો પણ તેમનું મન માં જ પ્રવર્તતું હોય.
અ. શ્રુતધર્મ બ. ભોગ
ક. ચારિત્ર પાલન ડ. વ્યવસાયિક પ્રવૃત્તિમાં

૭. સાંસારિક સુખમાં ભાવ ન હોય.
અ. અસારતા બ. તુચ્છતા
ક. ક્ષણમાત્ર સુખાકારીતા ડ. કલેશ-કંકાશ નિવારણતા

૮. કાન્તા દ્રષ્ટિમાં રહેલ મહાત્માની જ્ઞાન દશા હોય છે.
અ. ચિત્તક્ષેપક બ. ચિત્તાક્ષેપક ક. ભોગપ્રવૃત્ત ડ. મોહાંધ

૯. મિથ્યાદ્રષ્ટિ જીવોનો સંસર્ગ ન ગમે તે છે.
અ. અન્યમુદ દોષ બ. અન્યમુદ દોષ ત્યાગ
ક. અન્યમુદ ગુણ ડ. મિત્રાનુરાગ

૧૦. કાન્તા દ્રષ્ટિમાં આવેલ આત્માઓને હોય પણ અથવા ન પણ હોય.
અ. સમ્યગ્દર્શન બ. સમ્યગ્જ્ઞાન
ક. શ્રુતધર્મની પ્રવૃત્તિ ડ. દેશવિરતિ તથા સર્વવિરતિ ચારિત્ર

**વિભાગ ૩ - નીચે આપેલ વાક્ય કઈ સજ્ઝાય અને કઈ ગાથાના છે તે જણાવો.**
**(દરેકના ½ માર્ક)**

૧. પાંચમી દ્રષ્ટિના અંતમાં પ્રવર્તતા યોગીઓ પરિમિતતાયુક્ત અને સારી રીતે પચી જાય તેવા આહારનું સેવન કરનારા હોય છે.
અ. ૬/૧ બ. ૬/૨ ક. ૬/૩ ડ. ૬/૪

૨. અન્ય દર્શનકારોના શાસ્ત્રોમાં ધારણા યોગાંગમાં બતાવેલ લક્ષણો બતાવવામાં આવ્યા છે.
અ. ૬/૩ બ. ૬/૫ ક. ૬/૭ ડ. ૬/૪

૩. છઠ્ઠી દ્રષ્ટિમાં તારા સમાન પ્રકાશ, તત્ત્વમીમાંસા ગુણ પ્રાપ્તિ, અન્યમુદ્ દોષ ત્યાગ અને ધારણા યોગાંગ પ્રવર્તે છે.
અ. ૬/૬ બ. ૬/૫ ક. ૬/૩ ડ. ૬/૪

૪. ઋતંભરા બુદ્ધિનું વર્ણન આ ગાથામાં

અ. ૬/૭ બ. ૬/૨ ક. ૬/૩ ડ. ૬/૫

૫. ઈલાચી/ચિલાતી પુત્ર તથા ભારત મહારાજા આદિ ગ્રહસ્થો પણ ભવસાગર તર્યાનું વર્ણન આ ગાથામાં વર્ણવ્યા છે?

અ. ૬/૯ બ. ૬/૬ ક. ૬/૩ ડ. ૬/૪

૬. મનની રસિકતા એ જ મુખ્ય બંધહેતુ છે - આ ભાવ કઈ ગાથામાં છે?

અ. ૬/૬ બ. ૬/૭ ક. ૬/૫ ડ. ૬/૪

૭. ચોથી દ્રષ્ટિની નવમી ગાથામાં બતાવેલ ૮ દોષો આ ગાથામાં ફરી બતાવ્યા છે.

અ. ૬/૪ બ. ૬/૨ ક. ૬/૩ ડ. ૬/૧

૮. ધૈર્યતા અને પ્રભાવવત્તા ગુણોને કારણે પ્રતિકૂળતા આપનારા જીવોનું પણ કલ્યાણ થાઓ એવી મૈત્રી ભાવનાનું વર્ણન આ ગાથામાં છે.

અ. ૬/૬ બ. ૬/૨ ક. ૬/૫ ડ. ૬/૪

૯. જે વસ્તુ આપની પાસે હોય છતાં તે વસ્તુ તેનું પોતાનું કાર્ય જો આપણામાં ઉત્પન્ન ન કરે તો તે વસ્તુની શું કિંમત? આવી તત્ત્વમીમાંસાનું વર્ણન આ ગાથામાં છે.

અ. ૬/૫ બ. ૬/૨ ક. ૬/૭ ડ. ૬/૯

૧૦. વીતરાગ પરમાત્માએ જે કાલે જે વિધિથી ધર્માનુષ્ઠાન કરવાના કહ્યા છે તે કાલે તે વિધિથી થાય તો જ નિર્જરા નું કારણ બને - આ ભાવ કઈ ગાથામાં છે?

અ. ૬/૧ બ. ૬/૫ ક. ૬/૩ ડ. ૬/૨

## વિભાગ ૪ - નિર્દેશ પ્રમાણે ઉત્તર આપો (દરેકના ૨ માર્ક)

૧. નીચે આપેલ વાક્યોમાંથી સુષ્ઠુ ન હોય તેવો વિકલ્પ શોધો.

અ. કાન્તાદ્રષ્ટિ પામતા પહેલા સ્થિરાદ્રષ્ટિના અંતે આત્માને ૨૦ ગુણો પ્રગટે છે.

બ. ગુણોની પ્રાપ્તિ એ વિશિષ્ટ યોગદશાની પૂર્વભૂમિકારૂપ છે.

ક. યોગાચાર્યોએ કરેલ ગુણોનું વર્ણન યોગના ગ્રંથોમાં છે. તેમ જ અન્યશાસ્ત્રમાં પણ આવે છે.

ડ. યોગદશાપ્રાપ્ત સ્થિરાદ્રષ્ટિવાળો જીવ પ્રારંભમાં જ આ ગુણોથી યુક્ત હોય છે.

૨. નીચે આપેલ જોડકા જોડનારા વિકલ્પોમાં કયા વિકલ્પમાં અચપલતા ગુણ સમાયેલો છે?

| | |
|---|---|
| ક. વિષયોની ઈચ્છા | ક. ઈન્દ્રિયો ઉદાસ |
| ખ. તાત્ત્વિક સૂક્ષ્મબોધ | ખ. મુક્તિ ઇચ્છા વિરોધી |
| ગ. વિષયોની ભયંકરતા | ગ. અસ્થિરતા |
| ઘ. ઈન્દ્રિયોની દોડવાની વૃત્તિ | ઘ. શાસન ઉપર શ્રદ્ધા પ્રગટે છે. |

અ. ક-ખ બ. ખ-ઘ ક. ગ-ક ડ. ઘ-ગ

૩. નીચે આપેલ વાક્યો અને વિકલ્પોના આધારે કયો વિકલ્પ વાક્યને સમોચીન ગુણ દર્શાવે છે?

અ. રોગનું અસ્તિત્વ યોગની સાધનામાં બાધક નથી પરંતુ તે સમયે થતું આર્ત-રૌદ્રધ્યાનમય અશુભ પરિણતિ બાધક નીવડે છે.

બ. સ્વભાવથી જ સર્વે જીવો ઉપર મૈત્રી સ્રોત વરસાવે છે, સ્વસુખ કાજે અન્યનું અહિત ન થાય તેથી સદૈવ જાગ્રત રહે છે.

ક. જ્ઞાનાદિ ગુણોની ઉપાસનામાં ઓતપ્રોત રહેનાર, આહાર-પાણીમાં સંયમિત રહેનાર યોગીને સહજપણે અલ્પ પ્રમાણમાં નીતિ હોય છે.

ડ. જિનકલ્પાદિ સ્વીકારનારા મુનિ ભગવંતો શુદ્ધ ભૂમિ ન મળે તો ૬ મહિના નીતિ રહિત જીવન જીવી શકે છે.

અ. બે નીતિની અલ્પતા + બે નીતિની અલ્પતા + નિષ્ઠુરતાનો અભાવ + રોગ રહિત

બ. નિષ્ઠુરતાનો અભાવ + બે નીતિની અલ્પતા + રોગ રહિતતા + બે નીતિની અલ્પતા

ક. નિરોગીતા + નિર્દયતા રહિત + લઘુનીતિ / વડીનીતિ + નીતિ અલ્પપણું

ડ. નિરોગીપણું + બે નીતિનું અલ્પપણું + બે નીતિની અલ્પતા + ક્રૂરતારહિત

૪. નીચે અમુક ગુણો દર્શાવ્યા છે. કયો વિકલ્પ નીચે દર્શાવેલ ગુણોનો દ્યોતક નથી?

(૧) સુગંધ (૨) સુસ્વર (૩) પ્રસન્નતા (૪) કાન્તિ (૫) અચપલ

અ. ધર્માનુષ્ઠાનમાં લીન રહે છે.

બ. અજીર્ણ આદિ રોગ વિનાનું શરીર બને છે.

ક. પાચન થાય તેવા હિત, મિત આહારનું સેવન કરે છે, આહાર પાણીમાં સંયમ રાખે.

ડ. પ્રમાદ આળસ દુર્ભાવ રહિત ખુશી અલમસ્ત રહે છે.

૫. નીચેના વિકલ્પોમાંથી ઋતંભરા સંબંધી શાસ્ત્ર સંગત વિકલ્પ કયો છે?
   અ. વિપર્યાસ રહિત સત્યયુક્ત સમાધિમય તટસ્થભાવવાળી યથાર્થ સ્વરૂપ સમજાવનારી પ્રજ્ઞા તે ઋતંભરા બુદ્ધિ છે.
   બ. શાસ્ત્ર નિરપેક્ષ સ્વાનુભવની પૂર્વભૂમિકામાં જે બુદ્ધિ ઉપજે તે ઋતંભરા.
   ક. ઋતંભરા બુદ્ધિ આવિર્ભાવને પામે છે, નિષ્પન્ન યોગીનો આ ગુણ નથી.
   ડ. ઋતંભરા અવિશિષ્ટ બુદ્ધિ છે, જેનાથી લૌકિક અને લોકોત્તર વસ્તુનું સજ્ સ્વરૂપ જાણવાની શાસ્ત્ર મર્યાદા પૂર્ણ થાય છે.

૬. નિષ્પન્નયોગીના જે લક્ષણો છે, તે સંબંધી કયો વિકલ્પ અસત્ય નથી?
   અ. આત્મગુણો પામવાનો પરમ આહ્લાદ જીવને હોય છે - પ્રસાદ
   બ. રાગ-દ્વેષ વગેરે દોષો ક્ષય પામે છે - વૈરાદિ નાશ
   ક. પોતાની ફરજ સર્વ ઠેકાણે અદા કરે, બજાવે છે - ઔચિત્ય યોગ
   ડ. મનમાની સાધનામાં સફળતા મળે - જન પ્રિયત્વ

૭. નીચે આપેલ વાક્યોમાં અયોગ્ય-અઘટિત વિકલ્પ શોધો.
   અ. અન્યમુદ્ ચિત્તદોષ ઘટતો નથી, વીતરાગ પ્રણિત શાસ્ત્રથી ભિન્ન શાસ્ત્રોમાં હર્ષાભાવ.
   બ. ગ્લાન સાધુની વૈયાવચ્ચ ભાવથી કરે છે. હૃદયમાં ૫૦૦ સ્વાધ્યાય રહી ગયો તેની ચિંતા છે.
   ક. સ્વતઃ આગ્રહ કરવા છતાં સ્તવન ગાતા પક્ષાલપૂજા કરવા જતો નથી.
   ડ. આજ્ઞાનુસારે અનુષ્ઠાન કરવાથી અન્યમુદ્ દોષ ઘટિત થતો નથી.

૮. નીચે આપેલ વાક્યોમાં અવિપરીતતા વિનાનો વિકલ્પ શોધો.
   અ. રત્નની કાંતિ પાસે રહેલો વ્યક્તિ જોઈ શકે છે. પરંતુ તારાનું તેજ સમગ્ર સૃષ્ટિ નિરખે છે.
   બ. સમ્યક જ્ઞાન દ્વારા સર્વવિરતિ તરફ જીવ પગલા માંડે છે. તત્ત્વનો સૂક્ષ્મબોધ થવાથી ગંભીર ચિંતવણા ઘટે છે.
   ક. ચિત્તને નિયત લક્ષ્યમાં સ્થિર કરવું તે ધારણા તેનાથી ચિત્ત અનાસક્ત બને છે.
   ડ. મિથ્યાદ્રષ્ટિના શાસ્ત્રો વાંચવા ગમે છે, અજ્ઞાની જીવો સાથે મિત્રતા બાંધવી ગમે છે, અન્ય શાસ્ત્રો યુક્તિયુક્ત લાગે છે. તે અન્યમુદ્ ચિત્તનો દોષ સારી રીતે ઘટે છે.

૯. નીચે આપેલ વાક્યોમાં સમ્યગ જ્ઞાન અને સમ્યગ દર્શનયુક્ત મહાત્મા ને અનુરૂપ સુઘટિત હોય તેવો વિકલ્પ પસંદ કરો.

અ. જીવ વિષયસુખ અનુભવતો નથી. સંસારના પ્રત્યેક પદાર્થોમાં મન અલીન રહે છે.

બ. વિરતિ પામી સંપૂર્ણ સામગ્રી યુક્ત બનવા માટે અલ્પકાલીન મુક્તિ ઝંખે છે.

ક. દર્શન / જ્ઞાન રૂપી સામગ્રી મેળવી 'મને શેષ ગુણો પ્રાપ્ત થઈ ગયા છે' તેવું સમજી સફળતાનાં શિખરે આરોહણ કરે છે.

ડ. મહાત્મા પોતાનું મન શ્રુતધર્મમાં અને તત્ત્વજ્ઞાન મેળવવામાં વર્તાવે છે. બીજે નહીં.

૧૦. કયું વાક્ય અજ્ઞાનમુલક વિકલ્પ છે તે શોધો.

અ. માત્ર કાયિક ચેષ્ટા વિશિષ્ટ બંધ હેતુ ન બને મન ભળે તો જ ભવહેતુ થાય છે.

બ. અધ્યાત્મવાળા જીવને સંસારસુખ ઝાંઝવાના જળ તુલ્ય ભાસે છે.

ક. દીપકનો નાશ કરનાર વાયુ મહાદાવાનળનો નાશ ન કરે તેવી રીતે આ દ્રષ્ટિવાળા જીવની ધર્મપ્રવૃત્તિનો નાશ કરવા માટે ભોગકાર્ય અસમર્થ છે.

ડ. વિરતિની ઝંખનાવાળો જીવ આ દ્રષ્ટિની સહાયથી ભવસાગર તરવામાં અશક્ત નીવડે છે. ભવસમુદ્રનો કિનારો તીવ્રતર અનાસન્ન જાણવો.

૧૧. કાન્તાદ્રષ્ટિ સંબંધી કયો વિકલ્પ અસમીચીન છે?

અ. રમણને પતંગ ચગાવવાની ઇચ્છા તેમ જ ત્યાગ પણ નથી. શરીરના કારણે ભોગ સુખો ઉલ્લાસ સાથે સેવે છે. લોલુપતા, મોહથી ઉત્પન્ન થયેલો વિકાર વિશેષ હોવાથી અત્રે તેનો સંભવ થતો નથી. ૧૮ પાપસ્થાનક બંધ હેતુ જાણ્યા પછી, વિષયોની ભયંકરતા જ્ઞાત થયા પછી ઇન્દ્રિયો ઉદાસ બને છે. વિષયોની પાછળ ઇન્દ્રિયોની દોડવાની વૃત્તિ તે અસ્થિરતા કહેવાય છે. યોગ પ્રાપ્તિ કાલે ચપલતાનો અભાવ હોય છે.

બ. વિનિતા પ્રતિ ક્ષણે જ્ઞાન આરાધનામાં લીન બની ૩૬૫ દિવસ પોરિસીથી અલ્પ તપ કરતી નથી. માત્રાનુસારે આહાર સેવે છે. તેથી શરીર નિરોગી રહે છે. કિંતુ પૂર્વ બદ્ધ કર્મોદયે કેન્સર અને કોરોના વ્યાધિ લાગુ પડી ગયો તો પણ ગ્લાન રહિત બની સુઅવસર મારા આંગણે આવ્યો છે તેમ માની દુર્ધ્યાન વિના રોગ સહન કરી સાધનામાં સ્થિરતા કેળવી અચલતાની પંક્તિમાં ગણના થઈ શકે છે.

ક. હીરમાં આટલી બધી ઊંચી દશા શી રીતે આવી હશે. પ્રકૃતિમાં પરિણતિ જણાય છે. ક્રૂરતા, નિષ્ઠુરતા રહિત મૈત્રી આદિ ચાર ભાવનાના ઝરણા સદૈવ વહ્યા કરે

છે. 'કોઈ પણ જીવનું અહિત મારા કારણે થવું ન જોઈએ' તેથી સાવધાન બની ૨૪ કલાક પ્રવૃત્તિ પરિણતિ પૂર્વક કરે છે. 'સવ્વે જીવા કમ્મ વસા' એમ સમજી સર્વ સાથે ઔચિત્ય પાલન કરે છે. કષાય-વિષય સેવાતા નથી. દુષ્ટ જીવો પ્રતિ પણ વિપરિત આચરણ કરે નહિ... કોમલ પરિણામ સતત વહન કરે છે.

ડ. નલિની જ્ઞાનાવરણીય / મોહનીયના ક્ષાયિક તેમ જ ઉપશમભાવથી યોગદશા પ્રાપ્ત કરે છે. સુગંધી દેહ, કાન્તિ પ્રસન્નતા, દુસ્વર ઈત્યાદિ શુભાશુભ ભાવો ૪૨ પ્રકૃતિઓની ક્ષયોપશમથી જન્ય ઔદયિકભાવ છે. યોગસાધના અને ઔદયિક ભાવના ગુણોને સીધો સંબંધ નથી. યોગના પ્રભાવથી અશુભ ભાવો દ્રષ્ટિના અંતે પ્રગટે છે. આત્મહીત કથા સમજાવનારા વીર પ્રભુના શાસનને ધન્ય છે.

૧૨. નીચે વર્ણવેલા પૈકી કયા ભાવો અગમ્ય નથી?

અ. આ દ્રષ્ટિવાળો જીવ ધૈર્ય ગુણ યુક્ત હોવાથી સમ્યકત્વવાન કાળમાં ચોથા ગુણઠાણે છે. કાન્તા દ્રષ્ટિ વિરતિધરને હોવાથી ૫-૬-૭ ગુણ ઠાણે આવે છે. સુદર્શન શેઠ યોગ સાધનાની તીવ્રતાના કારણે સવિશેષ ધૈર્ય-સામર્થ્ય ગુણવાળા છે. સ્વયં આચરેલી ઉત્તમ યોગ સાધનાના કારણે પરિષહ-ઉપસર્ગમાં પણ ધીરતા-વીરતા-અદ્ભૂત સામર્થ્ય ટકી શકે છે અન્યથા અશક્ય છે.

બ. શ્રીપાલ રાજા ધવલ શેઠ પ્રતિ ક્યારે પણ વિપરિત ચિંતવના કરતો નથી. મૈત્રી, પ્રમોદ, કરુણા, મધ્યસ્થ ભાવનાથી ભાવિત અંતઃકરણ છે. ધવલના ગુણો સાપેક્ષ દ્રષ્ટિ રાખી દોષોને અવગણે છે. હિત ચિંતે છે. ગુણોને પ્રશંસે છે. અનુપમા દેવી દુઃખી/પીડિત જીવોના ઘા સ્વયં દવા અર્પણ કરી લેપ કરી રૂઝવે છે. ૬ મહિના ભયંકર રીતે ઉપસર્ગો કરવા છતાં પરમાત્મા સમશ્રેણીમાં રહે છે. યોગ સાધનાના કારણે પૂર્વોક્ત આત્માઓ નિર્મલ ચિત્તવાળા બની સ્વાર્થ વિહીન દુઃખ સહન કરી સુખની ઉપેક્ષા મય જીવન જીવે છે.

ક. રામની ધૈર્યતા, પ્રભાવવત્તા, મૈત્ર્યાદિ ભાવનાઓથી યુક્ત જીવનમાં મુખ્ય કારણ ચિત્તની આસક્તિ જ છે. વિઘ્નોને ગણકારે છે. વિષયોમાં આસક્ત બન્યા વિના વિષયોને સેવે નહિ. સંસારી ભોગોથી રહિત રહેવાની સદૈવ વિશેષ ભાવના રાખે છે. ઉપરોક્ત ગુણોના કારણે જ્યાં જાય ત્યાં અનિષ્ટ લાભ ન થાય, પગલે-પગલે નિધાન મેળવે છે. અનિર્મલતાના કારણે આત્મા પુણ્યોદય મેળવે છે.

ડ. સુખ-હર્ષ, શોક-દુઃખ, લાભ-અલાભ, યશ-અપયશ-પ્રીતિ-માન- અપમાન-અપ્રિતિ વગેરે દ્વંદ્વના પ્રસંગો આવવા છતાં ધૈર્યતા ગુણનસદ્‌ભાવે સીતા વનમાં તીવ્ર ખેદ પામે છે. દ્વંદ્વોથી પરાહત થતી નથી સર્વજન પ્રિયત્વ ગુણ તેઓમાં હોય છે. પૂર્વભૂમિકામાં વર્તતો આ દ્રષ્ટિવાળો જીવ ઉત્તમોત્તમ ગુણીયલ હોય છે.

૧૩. દ્રષ્ટિ અનુસારે ગુણોનું અસાર્થકતા રહિતપણું દર્શાવો.

અ. દશરથ ઔચિત્ય પાલન કરનારા રાજર્ષિ હોવા છતાં નિર્લેપતા રહિત હતા. કૈકેયીના વચનાનુસારે રામ વનવાસ જાય છે. તેણી હર્ષિત બની પરમ તૃપ્તિ અનુભવે છે. ગુણિયલ દ્રષ્ટિવાળો આ જીવ હોય છે.

બ. સાધનામાં વિકાસ સાધેલા આત્માને શુદ્ધ અવસ્થા પ્રાપ્ત થાય છે. યોગ સિદ્ધિના અભાવથી, દોષોનસદ્‌ભાવથી ગુણો (૨૧) પ્રાપ્ત થાય છે. મમ્મણ શેઠનો લોભ દોષ નાશ પામવાની સાંસારિક સુખોની અપેક્ષા વિનાનો બની જાય છે. તેના જીવુનમાં દુઃખ સન્મુખ ધૈર્ય / સામર્થ્ય હોવાથી સમતામયી બને છે. ભવ-મોક્ષ માન-અપમાન, જીવન-મરણમાં પણ મધ્યસ્થતા વિનાનો જીવ હોતો નથી.

ક. પ્રાતિભજ્ઞાન કેવલજ્ઞાનરૂપી સૂર્યોદયની પૂર્વે અરુણોદય સમાન છે. નિષ્પન્નયોગીના વિશિષ્ટ સમતા, ઔચિત્ય, આચરણ, ઋતુંભરા, પ્રજ્ઞા, દોષ નાશ, વૈરીના વેરનો નાશ, આ સર્વે ગુણો હોય છે. જ્ઞાન અને ચારિત્ર સેવનમાં જ રસ વિશેષ હોય છે. વેદ્યસંવેદ્યપદ અને સમ્યક્ત્વાદિ ગુણો જીવનમાં વણાઈ ગયેલા હોવાથી આ યોગી મહાત્માઓને મુક્તિ અને મુક્તિના ઉપાયભૂત યોગસાધના વધુ ગમતી હોય છે.

ડ. ચંડકૌશિકનો ક્રોધ દોષ નષ્ટ થઈ ગયો. નિરપેક્ષ બની દુઃખ સમભાવે વહન કરે છે. પ્રભુ વીરને ડંખે છે. હિંસા વગેરે પાપાચરણ કરવાના સ્વભાવવાળો જીવ અયોગીના સાનિધ્યમાં પાપ ન કરવાની ભાવના વિનાના રહે છે. યોગના પ્રભાવથી પુણ્ય રહિત બની જાય છે. પ્રાપ્ત સિદ્ધિનો ઉપયોગ સ્વ માટે કરે છે (યોગી મહાત્મા).

૧૪. પશ્ચાનુપૂર્વીના ક્રમે ૨૧ લક્ષણો પૈકી કયો વિકલ્પ અસુષ્ઠુતર નથી?

અ. ૧. શાસ્ત્ર નિરપેક્ષ સમ્યક મતિ ઉદ્ભવે
   ૨. ભરત-બાહુબલી વચ્ચેની પરમશત્રુતા નષ્ટ થઈ ગઈ.
   ૩. ગજસુકુમાલે સોમિલના કરેલા ઉપસર્ગમાં સમત્વ ભાવ કેળવ્યો.
   ૪. કુટુંબ-સમાજ-શાસન સર્વ પ્રતિ ૨૪ કલાક સ્વ ફરજ નિભાવે છે.

બ. ૧. આત્મિક ગુણોનો પરમાનંદ અનુભવે છે.
   ૨. શ્રીપાલ ભોગ-વિલાસમાં અલીન છે.
   ૩. લતા મંગેશકરના ગીતમાં કેવી મધુરતા ઝલકે છે.

ક. ૧. ઈલાચી નટીની ના રાગમાં ફસાયો.
   ૨. ભીમ અતિશય બલવાન છે.
   ૩. લવ-કુશ કેવા અદ્ભુત લાવણ્યવાળા જણાય છે.
   ૪. ચંદન તીવ્ર સુગંધ આપે છે.
ડ. ૧. મોદી ૧૦ વર્ષથી જનપ્રિય બની ગયા છે.
   ૨. તેણીના માથે સુખ-દુઃખના પહાળો તૂટી પડ્યા છતાં પણ અચલ-દઢ છે.
   ૩. સીતા વનવાસમાં પણ એકલી કેવી ધીરતા-સહનશીલતા ધારણ કરી દિવસ-રાત્રી પસાર કરે છે.

૧૫. નિમ્ન અવલોકન નિર્દોષતા રહિત નિહાળો.

અ. નિર્જરાને મોહન સાથેનો ભોગવિલાસ માયામય પાણીસમ દેખાય છે. એનું અંતઃકરણ અધ્યાત્મ રંગે રંગાયેલું છે. સત્ય સમજણ દશા જાગે છે. ભોગના વિરહમાં - ભોગ સેવનમાં - ભોગ સેવાઈ ગયા પછી દુઃખ અનુભવે છે. મોહની પરાધીનતા - પરવશતા સમજાઈ ગયા પછી ભોગથી વિરક્ત બની ભોગ માત્રમાં સુખાભાસ છે. લાલચમાં હવે ફસાયા વિના સડસડાટ ભોગ સ્વરૂપ સંસારમાંથી પ્રયાણ કરી પાર પામી જાય છે.

બ. સંવેગીની જ્ઞાનદશા વિકસીત બની જીવાદિ નવતત્ત્વનો સૂક્ષ્મ બોધ થવાના કારણે આત્માની ગુઢ વિચારણા કરે છે. સદૈવ એજ ઘટમાળા ચિત્તમાં રમે છે 'મારો આત્મા શુદ્ધ-બુદ્ધ શી રીતે બને? ક્યારે હું સમ્યક દર્શન દ્વારા સર્વવિરતિ તરફ ડગ માંડીશ?' તેવી પ્રેરણા આત્મા કરે છે. તેણીએ જ્ઞાનપ્રાપ્તિ સાથે આત્મવિચારણા મેળવી.

ક. ચૈતન્ય પણ સૈદવ જ્ઞાનને પકડી રાખે છે. જ્ઞાન-દર્શન બંને ગુણો ચરિતાર્થ થયા પછી ચારિત્રમાં વિકલ્પપણું દીસે છે. સર્વત્યાગ પામવા જ્ઞાનોપયોગમાં મગ્ન રહે છે. અપ્રાપ્ત ત્રીજા સાધન માટે પુરુષાર્થશીલ છે. અલ્પકાળમાં મુક્તિ મળે તેવી તીવ્ર ઇચ્છા રહ્યા કરે છે.

ડ. 'હું અત્યંત સુખી છું, મને સંસારમાં કોઈ દુઃખ નથી - કોઈ કમીના નથી - બધા મને અનસુરે છે - ઘર વેલસેટ છે. ફર્નીચર વગેરે યોગ્ય છે. હવે કમાણી કરવાની જરૂર નથી - મૂડી ઘણી પડેલી છે તેમાંથી આખી જિંદગી મારું ભરણ-પોષણ થઈ જશે.' આવી ચિંતામણી રત્ન જેવી દીર્ઘક્ષેત્રવર્તી જ્ઞાનદશા વર્તે છે. અન્યશ્રુત પરિચય અને સહવાસ સેવે છે. આત્મહિતકારી ચિંતવણા રહિત મન બને છે. તેથી મન અચપલ - અસ્થિર રહે છે.

# પ્રભા દ્રષ્ટિ

**વિભાગ ૧ - નીચે આપેલ વિકલ્પમાંથી સાચો ઉત્તર આપો. (દરેકના ૧ માર્ક)**

૧. સાતમી દ્રષ્ટિને આધારિત આપેલ વાક્યોમાં વાસ્તવિક વિકલ્પ શોધો?
અ. ધર્મસન્યાસ નામે સામર્થ્ય યોગ પ્રગટતો નથી.
બ. અપ્રમત્ત ગુણઠાણે ઉપશમશ્રેણિમાં વર્તતા જીવને પ્રભા હોય છે.
ક. રાગ, મોહ, દ્વેષ યુક્ત ધર્મ આરાધના જીવ આદરે છે.
ડ. અલ્પકાળમાં કેવલજ્ઞાન ગુણ પામી અનુપમ સુખ અનુભવે છે.

૨. બાહ્ય પરવશતા સંદર્ભમાં કયો વિકલ્પ સુઘટિત નથી?
અ. ચીન સાથે ઘણા દેશો વિરોધી બન્યા છે.
બ. કેન્સરથી એકનો એક દિકરો નાની વયમાં મરણને શરણ થયો.
ક. ભરત બાહુબલી વચ્ચે ભયંકર યુદ્ધ થતા ઘણા લોકોનો સંહાર થયો.
ડ. કોરોણા વ્યાધિથી મોદી, સમગ્ર પ્રજાજન, નગરવાસી ચિંતિત વ્યથિત છે.

૩. અભ્યંતર પરવશતા સંબંધી કયો વિકલ્પ અકલ્પ્ય છે?
અ. નમિ વિનમિ રાજ્યભાગ લેવા માટે કલેશ-સંઘર્ષ કરે છે.
બ. શ્રીપાલ રાજા ૫ વર્ષની ઉંમરે કુષ્ટ રોગથી વ્યાપ્ત થયા હતા.
ક. અંજણા સુંદરીએ ૨૨ વર્ષ સુધી પવનંજયનો વિયોગ સહન કર્યો હતો.
ડ. રામ, સીતા, લક્ષ્મણ રાજ્ય છોડી ૧૪ વર્ષ વનવાસ વેઠ્યો...

૪. સ્વાધીન સુખ સાપેક્ષ અક્ષત વિકલ્પ શોધો?
અ. શાલિભદ્ર એ ૩૨ પત્ની, પ્રતિદિન દેવલોકમાંથી આવતી ૯૯ પેટી ત્યજી દીક્ષા લીધી.
બ. ચિલાતી પુત્રે પ્રાણપ્રિય સુષમાનો વધ કરી ભાવ ધર્મ પકડી લીધો.
ક. મરૂદેવા માતા શિવવધુ સાથે આનંદથી મ્હાલે છે.
ડ. નમિરાજર્ષિ રાજવૈભવ, રાણી, પુત્ર વગેરે છંડી સંયમ ગ્રહ્યો.

૫. સાતમા ગુણ સંબંધી અવિરુદ્ધ વિકલ્પ શોધો?
અ. વસ્તુનું અવસ્તુ સ્વરૂપે જ્ઞાન થવું.
બ. ધર્મરૂચિ અણગારે ગુરુ ભગવંત પાસેથી જાણ્યું કે આ કડવી તુંબડી છે તો પરઠવવા ગયા. પરંતુ જીવવિરાધના થઈ રહી છે તેથી સ્વયં વાપરી જાય છે.

ક. શું બટાટા વગેરેમાં અનંત જીવનો વાસ હોતો હશે?

ડ. દેહના આરોગ્ય માટે ડોક્ટરનાં કહેવાથી ઉકાળેલું પાણી તે પીએ છે.

૬. અસંગાનુષ્ઠાનનો નામઘટિત વિકલ્પ શોધો?

અ. મહાવ્રતીને પડવાના અભયવાળો સ્થિર રસ્તો તે ધ્રુવાધ્વા છે.

બ. મુક્તિનો અસાધારણ માર્ગ ધ્રુવાધ્વા છે.

ક. પ્રતિક્ષણે જીવ, ક્રોધ-માન-રીસ-કપટાદિ ભાવો પામે છે તે સભાગ સંતતિ છે.

ડ. ચિત્તની સમાધિના કારણે શાંત રસ વહે છે તે સભાગ સંતતિ છે.

૭. પ્રભાદ્રષ્ટિસંગત વિકલ્પ શોધો?

અ. તદ્હેતુ અનુષ્ઠાન એજ અસંગાનુષ્ઠાન છે.

બ. મયણાના અંતઃકરણમાંથી જિનપૂજા કરવા દ્વારા આનંદ (હર્ષ)નો સ્રોત સદૈવ વહેતો રહે છે વિસ્મરણ પામતો નથી જે શ્રીપાલ આગમણ સંકેત સુચક છે.

ક. ગતાનુગતિક સમજણ વિનાની ક્રિયા વિષાનુષ્ઠાન છે.

ડ. ઉભયલોકમાં હિત થાય તેવા લક્ષ્યથી કરેલી આરાધના અમૃતાનુષ્ઠાન છે.

૮. અખંડ વિકલ્પ શોધો?

અ. સુખ અથવા દુખ શબ્દોથી સમજાવી શકાય તેવું છે.

બ. ગમાર મુંબઈ મોહનગરીમાં રહેનારાનું સુખ જાણી શકે છે.

ક. ધ્યાનદશાથી સુખાનુભવની ઈચ્છા થવી તે પરાની પ્રભા તુલ્ય જાણવી.

ડ. જીનવાણીની મીઠાશ શ્રોતાઓને અનુભવ ગમ્ય જ છે.

૯. ધ્યાનસુખાનુભવ દષ્ટાંતોમાં નિરપેક્ષ વિકલ્પ શોધો?

અ. સીતાએ સમભાવમાં લીન બની અગ્નિ પ્રવેશ કર્યો હતો.

બ. ગજસુકુમાલ મરણાંત ઉપસર્ગ સમતા ધ્યાનમાં લીન બની સહે છે.

ક. મારાથી રાજ્યનું સંચાલન થવું જોઈએ અન્ય દેશોને બરબાદ કરી હું સુખી થાઉં એવા જ વિચારોથી મન ગ્રસિત રહે છે.

ડ. ખંધકમુનિના ૫૦૦ શિષ્ય શમરસામૃત પાન કરી ઘાણીમાં પિલાય છે.

૧૦. મોહરાજા સામે યુદ્ધ કરવા માટે કેવા પ્રકારની કુશળતા જોઈએ?

અ. નિર્મળ બોધ સહચરિત ધ્યાન　　બ. પૌદ્ગલિક ભાવો સહીત ધ્યાનની

ક. હથીયારયુક્ત સૈન્યની　　ડ. હથીયાર વિનાના સૈનિકોની

**વિભાગ ૨ - ખાલી જગ્યા પૂરો** **(દરેકના ½ માર્ક)**

૧. જે વસ્તુ જેમ છે તેમ જ તેનો સ્વીકાર કરવો તે  કહેવાય.
અ. સ્વીકૃતિ ભાવ બ. ધ્યાન યોગાંગ ક. તત્ત્વપ્રતિપત્તિ ડ. શ્રદ્ધા ગુણ

૨. મૂળભૂત ધ્યેયતત્ત્વના ઉત્તરભેદ રૂપ કોઈ પણ વિવક્ષિત એક તત્ત્વમાં ચિત્તની સ્થિરતા તે.
અ. ધારણા બ. ધ્યાન ક. સ્થિર દશા ડ. વૈરાગ્ય

૩. સાંસારિક સુખ  હોવાથી દુઃખ જ છે.
અ. સ્વાધીન બ. પરાધીન ક. કામ-જન્ય ડ. વાસનાના ઉદયથી

૪. પ્રભા દ્રષ્ટિમાં પહોંચેલ આત્મા ની જ્ઞાનદશા  તરફ ગતિ કરાવનારી હોય છે.
અ. ગંતવ્ય સ્થાન બ. ધ્યાન ક. ક્ષાયિક ભાવ ડ. સૂર્યની પ્રભા

૫. એ ભાવ રોગ છે.
અ. અપચો બ. શારીરિક રોગની વેદના
ક. શારીરિક રોગ ડ. રાગ-દ્વેષ અને અજ્ઞાન

૬. નિર્મળ બોધ પામેલ મહાત્માઓ કર્મજનિત સુખ-દુઃખની અવસ્થાને  નું કારણ બનાવે છે.
અ. રાગ-દ્વેષ બ. કર્મબંધ ક. નિર્જરા ડ. આસ્રવ

૭. પૌદ્ગલિક સુખ  છે.
અ. વાસ્તવિક બ. કર્મજન્ય ક. સ્વાધીન ડ. પારંપરિક

૮. અસંગ અનુષ્ઠાન આત્માને  તરફ લઈ જાય છે.
અ. એકલતા બ. શાસ્ત્રયોગ ક. સામર્થ્યયોગ ડ. દુર્ગતિ

૯. અસંગ અનુષ્ઠાન ને અન્ય દર્શનકારો  કહે છે. (વાક્યને ખોટું બનાવો)
અ. શિવવર્ત્મ બ. ધ્રુવાધ્વા ક. પ્રશાંતવાહિતા ડ. વિભસાગક્ષય

૧૦. બૌદ્ધ દર્શનકારોએ પ્રરૂપિત  અનુષ્ઠાનના ભાવ અસંગ અનુષ્ઠાનના અર્થભેદ રહિત છે.
અ. વિસભાગક્ષય બ. ધ્રુવાધ્વા ક. પ્રશાંતવાહિતા ડ. શિવવર્ત્મ

**વિભાગ ૩ - મને ઓળખો** **(દરેકના ½ માર્ક)**

૧. અનાદિ કાળથી મોહની પરતંત્રતાના કારણે હું પ્રવરતું છું.
અ. વિસભાક્ષય બ. સભાગસંતતિ ક. વિસભાગસંતતિ ડ. મોહસંતતિ

૨. મારા કારણે જ જીવ સાચા સુખનો અનુભવ કરે છે.
અ. સ્વાધીનતા બ. પરાધીનતા ક. બંગલા-ગાડી ડ. ઈન્દ્રિયો

૩. મને પ્રાપ્ત કરનારમાં હેય અને ઉપાદેય ભાવ અને યથાર્થ સ્થિતિ ભાવ પ્રગટ થાય છે.
અ. ધ્યાન યોગાંગ બ. જ્ઞાન પ્રકાશ દશા ક. તત્ત્વપ્રતિપત્તિ ડ. પરાધીનતા

૪. અમે બંને એક જ કહેવાઈએ
અ. રાગ દશા - અસંગ દશા બ. વચન અનુષ્ઠાન - પ્રીતિ અનુષ્ઠાન
ક. વિસભાગક્ષય - અસંગ અનુષ્ઠાન ડ. ધ્રુવપદ - અસંગ અનુષ્ઠાન

૫. હું પ્રવરતું ત્યારે ઉપકારી એવા ગુણો પ્રત્યે રાગ છૂટી જાય છે.
અ. પ્રીતિ અનુષ્ઠાન બ. અસંગ અનુષ્ઠાન ક. વચન અનુષ્ઠાન ડ. ભક્તિ અનુષ્ઠાન

૬. મને લોકો પરાધીનતા લક્ષણરૂપ નહીં માને.
અ. મોટર કાર બ. ચક્રવર્તીનું રાજ્ય ક. અઢળક સંપત્તિ ડ. ગુણોની રમણતા

૭. સાતમી દ્રષ્ટિમાં પહોંચેલ આત્મામાં હું ન હોઈ શકું.
અ. જ્ઞાન પ્રકર્ષ બ. વિકાર-વાસના
ક. તત્ત્વપ્રતિપત્તિ ડ. મોહનીય કર્મની દુર્બળતા

૮. પ્રભા દ્રષ્ટિમાં પ્રવેશેલ આત્મામાં હું પ્રાપ્ત થાઉં છું.
અ. દ્રવ્ય રોગ બ. ભાવ રોગ
ક. જ્ઞાન દશામાં સ્થિરતા ડ. પરભાવ પરિણતિમાં ગમન

૯. સુખનો અનુભવ મારા થકી જ થઇ શકે.
અ. સ્વાનુભવ બ. પરાનુભવ ક. સુખના વર્ણન ડ. મોહ

૧૦. મોહરાજા સામેના યુદ્ધમાં મારી જરૂર પડે.
અ. યોદ્ધાનું કૌશલ બ. સૈન્ય બળ
ક. વિવિધ શસ્ત્રો ડ. પૌદ્ગલિક ભાવ નિસ્પૃહતા

**વિભાગ ૪ - નિર્દેશ પ્રમાણે ઉત્તર આપો (દરેકના ૨ માર્ક)**

૧. નીચે આપેલ વાક્યોમાં ખાલી જગ્યા ક્રમશઃ પૂરતો સાચો વિકલ્પ પસંદ કરો.
ક. સાતમી દ્રષ્ટિમાં ..... દોષ સંભવતો નથી ..... સુખની પુષ્ટિ થાય છે.
ખ. એક ધ્યેયતત્ત્વમાં ..... ને પરોવવું તે ધારણા, ઉત્તરભેદ રૂપ એક તત્ત્વમાં .....ની તન્મયતા એ ધ્યાન છે.

ગ. શહેરમાં વસનારા ધનવાનો ..... જન કહેવાય છે. ગામમાં જીવન વીતાવનારા ગરીબો ...... જન કહેવાય છે.

ઘ. ..... રત્નની જ્યોતિ જેવી રીતે ચમકે છે, તેમ ........... જ્ઞાનની જ્યોતિ હંમેશા ઝગમગે છે. (દેદિપ્યમાન સુવર્ણ, ગુણરહિત)

ચ. ..... ભાવને લક્ષ્યમાં રાખીને તેઓ તરફ ..... હોય જ છે.

અ. રોગ, આત્મિક, મન, ચિત્ત, નાગર, પામર, જાતિમાન, દૂષણરહિત, ઉપકારક, રાગદશા

બ. શારીરિક, વ્યાધી, કાયા, આત્મા, અમીર, દીનદુખી, દેદિપ્યમાન સુવર્ણ, ગુણરહિત, બહુમાન, મોહદશા

ક. શારીરિક, આત્મિક, મન, ચિત્ત, પામર, નાગર, દૂષણરહિત, જાતિમાન, ઉપકારક, રાગદશા

ડ. આત્મિક, શારીરિક, ચિત્ત, મન, નાગર, પામર, જાતિમાન, દૂષણરહિત, રાગદશા, ઉપકારક

૨. નીચેના પ્રશ્નોમાં કયો વિકલ્પ ક્રમશઃ સમીચીન ઘટે છે તે જણાવો.

ક. રાગ વિનાના અનુષ્ઠાનોને શું કહેવાય? ધર્માનુષ્ઠાન કરનાર યોગી એકાન્તે કેવો બને છે?

ખ. આત્માનું હિત કરનાર તત્ત્વો અને પુરુષો કયા?

ગ. સ્થિર માર્ગને શું કહેવાય? કલ્યાણકારી માર્ગ કયા ધર્મમાં પ્રસિદ્ધ છે.

ઘ. દ્રષ્ટિમાં પ્રવિષ્ટ યોગીને શાની આવશ્યકતા હોય છે? તે કોણે આધીન છે?

ચ. સુખ-દુઃખનું લક્ષણ કયું? તે કેટલા પ્રકારનું છે?

અ. અસંગ, વૈરાગ્યવાસિત, જ્ઞાનાદિ ગુણ, નિર્મળ પુરુષ, ધ્રુવાધ્વા, સાંખ્યધર્મ, કુશલતા, નિર્મલબોધયુક્તધ્યાન, પરાધીનતા, બે

બ. સ્તિમિત, વૈરાગ્યવાસિત, યમાદિ, ગુણીયલ આત્મા, સાંખ્યધર્મ, શિવવર્ત્મ, ધીરતા, ધ્યાન, દીનતા, સ્વચ્છંદતા, ત્રણ

ક. સ્તિમિત, પ્રશમસારયુક્ત, નિયામાદિ, દ્રષ્ટિઓ, સાંખ્યધર્મ, શૈવધર્મ, ધીરતા, નિર્મલબોધયુક્તધ્યાન, પરાધીનતા, ત્રણ

ડ. અસંગ, પ્રશમસારયુક્ત, જ્ઞાનાદિ ગુણ, ગુણીયલ જન, ધ્રુવાધ્વા, શૈવધર્મ, કુશલતા, નિર્મલબોધયુક્તધ્યાન, પરાધીનતા, બે

૩. જોડકાઓ જોડો?

| | |
|---|---|
| ૧. તારાપ્રભા | ફ પ્રતિપત્તિ |
| ૨. શમસાર | બ દ્રવ્યયોગજન્ય |
| ૩. પુખ્તસમજણ | ભ ઉર્ધ્વગામી |
| ૪. ક્ષાયિકભાવ | મ કાન્તા |
| ૫. મીમાંસા | ય ભાવરોગ |
| ૬. છઠ્ઠીદ્રષ્ટિ | ર સમાધિ |
| ૭. ધ્યાનહેતુ | લ શુદ્ધ |
| ૮. વિક્ષેપરુપ | વ વિચારણા |
| ૯. તત્વસ્વીકાર | શ યોગદ્રષ્ટિસમુચ્ચય |
| ૧૦. વેદના | ષ અપ્રમત્ત |

અ. ૧ - ૨, ૨ - શ, ૩ - લ, ૪ - ભ, ૫ - વ, ૬ - ષ, % - મ, ૮ - ય, ૯ - ફ, ૧૦ - બ

બ. ૧ - શ, ૨ - મ, ૩ - લ, ૪ - ભ, ૫ - ષ, ૬ - વ, % - ય, ૮ - ૨, ૯ - બ, ૧૦ - ફ

ક. ૧ - મ, ૨ - શ, ૩ - ભ, ૪ - લ, ૫ - વ, ૬ - ષ, % - ૨, ૮ - ય, ૯ - ફ, ૧૦ - બ

ડ. ૧ - ષ, ૨ - શ, ૩ - ભ, ૪ - લ, ૫ - વ, ૬ - મ, % - ૨, ૮ - ય, ૯ - ફ, ૧૦ - બ

૪. નીચે લખેલા વિકલ્પોમાં ક્રમશઃ અર્થોનું સમ્યક જોડાણ કરો.

ક. જ્ઞાન ગુણ અને શ્રદ્ધાગુણની રમણતાપૂર્વક જીવ ધર્મપ્રવૃત્તિ આચરે છે.

ખ. વેરઝેર, કલેશ, કંકાસ, કડવાશ, મારામારી, મરકી, કોરોનાથી દુઃખી થઈ.

ગ. ઋષિદત્તા ઉપર ડાકિનીનું કલંક લાગ્યું.

ઘ. વિજાતીયરૂપે બદલાતી પરિણામની ધારા.

ચ. આસક્તિસહિત પ્રકૃષ્ટ ભાવથી કરેલ પ્રવૃત્તિ.

અ. તત્ત્વપ્રતિપત્તિ, બાહ્ય પરવશતા, અભ્યંતર પરવશતા, વિસભાગક્ષય, સંગદશા

બ. તત્ત્વપ્રતિપત્તિ, બાહ્ય સ્વાધીનતા, બાહ્ય પરવશતા, વિસભાગક્ષય, અસંગદશા

ક. તત્ત્વપ્રતિપત્તિ, અભ્યંતર પરવશતા, બાહ્ય પરવશતા, વિસભાગક્ષય, સંગદશા

ડ. અતત્ત્વપ્રતિપત્તિ, બાહ્ય પરવશતા, અભ્યંતર સ્વાધીનતા, પ્રશાંતવાહિતા, અસંગદશા

૫. પ્રીતિ-ભક્તિ-વચન-અસંગાનુષ્ઠાન સંબંધી ક્રમિક વિકલ્પ શોધો?

ફ. ધર્મબોધ દેનારા પ્રત્યે રાગ ભેદી/છેદી વૈરાગ્યવાસિત અંતઃકરણથી આરાધના આચરે છે.

બ. મયણાના કહેવાથી ઉંબરરાણો પ્રથમવાર શ્રી આદિજીન જુહારે છે.

ભ. હવે સ્વયં પ્રાતઃઉઠીને ભાવપૂર્વક નમસ્કાર મહામંત્રનું સ્મરણ પ્રતિદિન કરે છે.

મ. જિનવાણીશ્રવણનો ઉત્સાહ વૃદ્ધિ પામે છે. તેથી અવિહડ રાગ સાપેક્ષ શાસ્ત્રવચનોનું સમ્યક્તયા તત્ત્વચિંતન કરે છે.

અ. ફ - બ - મ - ભ    બ. ભ - મ - બ - ફ

ક. બ - ભ - મ - ફ    ડ. ભ - બ - ફ - મ

૬. ગજસુકુમાલ મુનિને સામે રાખી સત્ય જવાબ શોધો.

અ. તેઓ ૬ઠ્ઠા-૭મા ગુણઠાણે હોવાથી તેઓને ગુણ રમણતા સ્વરૂપ ધ્યાન દશાનું સુખ તથા નોર્મલ જ્ઞાનની જ્યોતિ સહિત સ્વાધીન સુખથી અલિપ્ત પોતાના સસરા પ્રત્યે ઉપકારક ભાવ સહિત આત્માના શુદ્ધ સ્વરૂપની કાંઈક અનુભૂતિ કરતા હતા.

બ. અજ્ઞાનતા નષ્ટ થવા પર આવવાથી, જાતિમાન રત્ન જેવી ક્રાંતિથી યુક્ત બાહ્ય ભાવ સ્મરણનો અભાવ હોવાથી, તત્ત્વની પ્રતિપત્તિ થઈ જવાના કારણે ‘સમતાસાર’ વાલા થઈ પ્રાણાન્ત કષ્ટને માણતા ધ્યાન મગ્ન રહે છે.

ક. હેયોપાદેય ભાવથી યુક્ત આત્મભાવમાં રમણ કરતો, ધ્યાન અને ધારણાને સાધતો, અંગારાના ઉપસર્ગ રૂપ બાહ્ય પરવશતા થવાથી, તેની સાથે તેમનો આત્મા સીધો ઉપર મોક્ષમાં પહોંચી જાય છે.

ડ. ગુણની રમણતા સ્વરૂપ ધ્યાનના સુખનો આનંદ અનુભવે છે. સાતમી દ્રષ્ટિવાળો હોવાથી છટ્ઠે ૭મે ગુણઠાણે સ્વાધીન સુખમાં આસક્ત, સંપૂર્ણ મોહનીયનો અભાવ થવાથી આત્મ તત્ત્વની ઉચ્ચ કોટિની સમજણ આત્મને ઉપર લઈ જાય છે.

૭. સાતમી પ્રભા દ્રષ્ટિમાં રહેલા જીવો માટે કયો વિકલ્પ અસમંજસ છે?

અ. જ્ઞાનદશા મોહરહિત નિર્મળ બને છે. ધ્યાન પ્રિય બની આત્માને ઉપર લઈ જાય છે. જ્ઞાનદશામાં સ્થિરતા અને આત્મભાવમાં રમણતા સાથે પરભાવ પરિણામમાં ગમન કરતો આ જીવ હેયોપાદેયને સમજતો, સમતાસાર યુક્ત-આત્મિક સુખને પ્રાપ્ત કરે છે.

બ. આ મહાત્માઓને શારીરિક રોગ જન્ય પીડા અસભંવ હોય છે. વાસના અને વિકારો બળીને ખાખ થઈ ગયા છે. સ્વાધીન સુખને અનુભવે છે. ગુણોની પ્રાપ્ત માટે યત્ન કરતો, પ્રાણાંત કષ્ટોને સ્વીકારતો આત્મા પરલોકની સુખોની ઝંખના કરતો નથી.

ક. તેઓને આત્મ રમણતામાં જ પરમ સુખ ભાસે જેમાં ઇન્દ્રિયોની આવશ્યકતા નથી, ધાર્મિક અનુષ્ઠાન પ્રત્યે અંતરંગ પ્રીતિ થાય છે. તેઓની જ્ઞાનદશા સર્વત્ર વ્યાપ્ત મોહરહિત, અપરાભાવ વાણી અને વસ્તુના યથાર્થ બોધ વાળી હોય છે.

ડ. આત્માના શુદ્ધ સ્વરૂપની કાંઈક અનુભૂતિ હોવાથી, મહાદશાજન્ય વિકારો ક્ષય થવાથી, સુવર્ણ જેવો નિર્મલ બોધ પ્રગટ થવાથી આ જીવોને આત્મગુણોનો આનંદ સતત ચાલુ રહે છે.

૮. પરાદ્રષ્ટિને પામેલા જીવો માટે કયો વિકલ્પ ઘટે છે?

અ. આ દ્રષ્ટિમાં આવેલો જીવ મોહદશાથી ઉત્પન્ન થતા વિકારો અને થોડી અજ્ઞાનતાને દૂર કરે છે. આ જીવો આહાર-નિહાર રૂપ કોઈ પણ પ્રવૃત્તિ કરતા હોય તે તજ્જન્ય સુખનો આનંદ નિર્મળ બોધના પ્રતાપે નિરંતર ચાલુ જ રહે છે.

બ. આ મહાત્મા તપગુણની સાધનાથી કર્મ ખપાવે પણ છે. તેમ જ આહાર પ્રત્યે આસક્તિ ન હોવાના કારણે જ્ઞાનાદિ ગુણોમાં માત્ર સહાયક તરીકે જ તેનો ઉપયોગ કરતા હોવાથી આહાર વાપરતા પણ નિર્જરા જ સાધે છે.

ક. આ જીવો પુણ્યના બળે પ્રાપ્ત થયેલી ભવજન્ય સર્વ સામગ્રી માત્ર મુક્તિ પામવાના કારણ રૂપે જોડતા હોવાથી, જે તેમને પ્રાપ્ત થયેલો નિર્મલ બોધ છે તેનાથી પ્રગટ થતી જ્ઞાનદશા નિરંતર પ્રજવલિત રહે છે.

ડ. આ દ્રષ્ટિ કાલે જે મહાત્માઓ વર્તતા હોય છે તેઓમાં એવું સામર્થ્ય પ્રગટી જાય છે કે પોતાની સુખી, નીરોગી, સાનુકૂળ એમ જે કોઈ પણ અવસ્થા પ્રાપ્ત થાય તેના કારણે તેઓ તે અવસ્થાને નિર્જરાનું કારણ બનાવી શકે છે.

૯. અનુષ્ઠાનોને લક્ષ્યમાં રાખી અને આ દ્રષ્ટિને અનુસારે જવાબ સાચો કયો?

અ. ગૌતમ સ્વામીને મહાવીર પ્રભુ ઉપર રાગ હોવાથી અસંગ અનુષ્ઠાનનો અભાવ હતો, પરંતુ રાગ જ્યારે તૂટ્યો અને કેવલજ્ઞાન જ્યારે પ્રાપ્ત થયું ત્યારે વચન અનુષ્ઠાનનો અભાવ થયો પરંતુ વચન અનુષ્ઠાન મુક્તિનું કારણ બનતું હોવાથી

કેવલજ્ઞાન પૂર્વે તેનો અભાવ ન હતો પણ તેમને કેવલજ્ઞાન પામતા ત્રીસ વર્ષ લાગ્યા.

બ. જ્યારે જીવ વિજાતિય પણે બદલાતી પરિણામની ધારા તોડી એક સરખી સમતાવાળી પરિણામની ધારા પામે તે જ અસંગ અનુષ્ઠાન છે અને બૌદ્ધો તેને જ 'વિસભાગ' સંતતિ કહે છે. અને ત્યારે મોહના પારતંત્ર્યનો અભાવ હોય છે.

ક. આ દ્રષ્ટિમાં જીવને અમૃત અનુષ્ઠાન હોય છે. તેથી જીવ ભિન્ન ભિન્ન પરિણામોને તોડી પતનથી અભય બનીને શાન્ત રસને વહન કરતો, શિવનું અસાધારણ કારણ હોવાથી રાગથી અપર બનીને આ અનુષ્ઠાનને સેવે છે.

ડ. આ જીવને જ્યારે ઉચ્ચકોટિના ધર્માનુષ્ઠાનો પ્રાપ્ત થાય છે ત્યારે તેઓના ઉપકારી પ્રત્યે પણ રાગ છૂટી જવાથી તેઓ આકુળતા-વ્યાકુળતા વિના પ્રશમ સાર યુક્ત જ હોય છે. પણ જો તે પ્રવૃત્તિ ગમે તેટલી સારી અને ઉચ્ચ કોટિની હોય, પરંતુ રાગ-દ્વેષના અભાવથી યુક્ત હોય તો તે અસંગાનુષ્ઠાનમાં ગણાય નહિ.

૧૦. સાતમી પ્રભા દ્રષ્ટિમાં આવેલા જીવોની કક્ષાનું વર્ણન કરે છે તેમાં કયો જીવ પ્રભા દ્રષ્ટિમાં નથી?

અ. આ જીવ સૂર્યની જેમ સર્વ લોકમાં પ્રસિદ્ધ હોય છે. તત્ત્વમાં ચિત્તની સ્થિરતા, તન્મયતા યુક્ત, ધાર્મિક અનુષ્ઠાન પ્રત્યે આદર યુક્ત, પરાધીનતાને દુઃખ માનતો અને સતત કર્મમળના આવરણોને દૂર કરતો, આત્માના ગુણોના આનંદને માણે છે.

બ. આ મહાત્મા આત્માના શુદ્ધ સ્વરૂપની અનુભૂતિ કરતા પૂર્ણ સ્વરૂપને ધ્યેય બનાવી યોદ્ધાની જેમ મોહરાજા સામે યુદ્ધ કરવા ધ્યાનને આધિન નિર્મળ બોધ રૂપ કુશળતાને પ્રગટ કરે છે.

ક. ખંધક મુનિના શિષ્યો પ્રાણાન્ત કષ્ટ આવવા છતાં પણ દેહની લાલસા ત્યજી, સ્વગુણ રમણતા રૂપ ધ્યાન સુખને અનુભવતા અસંગ અનુષ્ઠાનમાં રહેલા મુક્તિને વરે છે. કારણ તેઓ શારીરિક સુખને પરાધીન નથી.

ડ. આ જીવને બાહ્ય ભાવ ના સ્મરણનો પણ અભાવ હોવાથી, 'સમતાસાર' યુક્ત, આત્મિક સુખની પ્રાપ્તિ થાય છે. અને જ્ઞાન દશામાં સ્થિરતા હોવાથી આ દ્રષ્ટિના અનંતરપણે જ મુક્તિ સુખની પ્રાપ્તિ થાય છે અને ત્યાં સમાધિ નામનું છેલ્લું યોગનું અંગ પ્રવર્તે છે.

૧૧. નીચે આપેલ મૂળ ઢાળના શબ્દોના અક્ષરો છે. તેમાં સ્વર જોડી, શબ્દો ઓળખી ઢાળ નંબર બતાવતો સાચો ક્રમ કહો.

ક. ન ર ત ર
ખ. શ ન ત વ હ ત
ગ. ધ ય ન પ ર ય
ઘ. અ ક પ ર ભ
ચ. ન ર ન ર
છ. દ ખ લ ક શ ણ

અ. ક-૧ ખ-૨ ગ-૩ ઘ-૪ ચ-૫ છ-૬
બ. ક-૪ ખ-૨ ગ-૩ ઘ-૧ ચ-૬ છ-૫
ક. ક-૪ ખ-૫ ગ-૧ ઘ-૧ ચ-૩ છ-૨
ડ. ક-૧ ખ-૧ ગ-૫ ઘ-૪ ચ-૫ છ-૬

૧૨. ખંધક મુનિની જયારે ચામડી ઉતરી રહી હતી ત્યારે તેઓ શાંત ચિત્તે એક જ વાત વિચારે છે કે તેઓના પૂર્વ કર્મના આધારે જ આ બધું થઇ રહ્યું છે. તેથી તેઓની ચામડી ઉતરી રહી હોવા છતાં તેઓને પણ શારીરિક વેદનાનો જરાય અહેસાસ થતો નથી. તેનું કારણ માત્ર એટલું જ છે કે તેઓને એ ખબર છે કે પીડા તો શરીરને થાય છે. આત્મા તો અનંત સુખનો અનુભવ કરનારો છે. આમ કરતા કરતા તેઓ ક્ષપક શ્રેણી માંડી કેવલજ્ઞાન સુધી પહોંચ્યા.

ઉપરોક્ત વર્ણનમાં જ્ઞાન દશા, ધ્યાન યોગાંગ, તત્ત્વ પ્રતિપત્તિ અને રોગદોષનો નાશનો સાચો ક્રમ બતાવતો વિકલ્પ પસંદ કરો.

અ. જ્ઞાન દશા, ધ્યાન યોગાંગ, તત્ત્વ પ્રતિપત્તિ, રોગદોષનો નાશ
બ. ધ્યાન યોગાંગ, તત્ત્વ પ્રતિપત્તિ, રોગદોષનો નાશ, જ્ઞાન દશા
ક. ધ્યાન યોગાંગ, તત્ત્વ પ્રતિપત્તિ, જ્ઞાન દશા, રોગદોષનો નાશ
ડ. ધ્યાન યોગાંગ, રોગદોષનો નાશ, તત્ત્વ પ્રતિપત્તિ, જ્ઞાન દશા

૧૩. કુણાલ પુખ્ત થતાં તેના પિતા તેને પોતાની ઈચ્છા મુજબ વ્યાપાર શરુ કરવાની સલાહ આપે છે. પરંતુ તેને કોઈ મોટી કંપનીમાં નોકરી કરવાનું વધુ ઈષ્ટ લાગે છે કારણ કે પોતે એવું મને છે કે ધંધામાં દરેક બાબતનું ધ્યાન રાખવું પડે. પરંતુ નોકરીમાં પોતાનું જે કૌશલ છે તેના ઉપર જ ધ્યાન આપવાનું થાય એ વધુ સરળ છે. વળી મોટી કંપનીમાં પગાર પણ સારો મળે અને નિશ્ચિત આવક થાય. ધંધામાં ઉતાર-ચઢાવ આવે તો? એમ વિચારીને તે મલ્ટી-નેશનલ કંપનીમાં નોકરી કરવા લાગે છે. પોતાની કુશળતા ના કારણે તેના બોસને તેની ઈર્ષ્યા થાય છે. વારંવાર તેને ઉતારી પડવાનો જ મોકો ગોતે છે.

ઝઘડો-કંકાસ હવે નિત્ય ક્રમ બની ગયો છે. પણ કુણાલ વિચારે છે કે બધું સારું થઇ જશે. આ બધું તો પૂર્વમાં બાંધેલ વેરના સંસ્કારો ને કારણે થઇ રહ્યું છે. પણ પરિસ્થિતિ દિવસે-દિવસે બગડતી જાય છે. હવે કુણાલને પોતાના પિતાની શિખામણ ન માનવાની ભૂલ સંજય છે. અને વિચારે છે કે આટલી બધી મહેનત કરવા છતાં પોતાનો વિકાસ થતો નથી. તે નોકરીમાંથી રાજીનામું આપી પોતાનો વ્યવસાય શરુ કરી એક સફળ વ્યાપારી બને છે. ઉપરોક્ત વર્ણનમાં આપેલ પરાધીનતા, સ્વાધીનતા, બાહ્ય અને અભ્યંતર પરવશતાનો સાચો ક્રમ બતાવતો વિકલ્પ પસંદ કરો.

અ. બાહ્ય પરવશતા, પરાધીનતા, અભ્યંતર પરવશતા

બ. પરાધીનતા, સ્વાધીનતા, બાહ્ય પરવશતા, અભ્યંતર પરવશતા

ક. પરાધીનતા, બાહ્ય પરવશતા, અભ્યંતર પરવશતા, સ્વાધીનતા

ડ. પરાધીનતા, અભ્યંતર પરવશતા, બાહ્ય પરવશતા, સ્વાધીનતા

૧૪. નીચે આપેલ વિકલ્પોમાંથી વ્યાખ્યાને અસંગત ન હોય તેવો વિકલ્પ પસંદ નહીં કરવામાં ભૂલ કરનાર વ્યક્તિ કયો વિકલ્પ પસંદ નહીં કરે?

અ. સામાન્ય રીતે જેમ જેમ વસ્તુ ઉત્કૃષ્ટ જેને પ્રાપ્ત થતી જાય એટલે કે સુંદરતમ વસ્તુઓનો જેને યોગ થાય તેવા વ્યક્તિને યોગી કહેવાશે અને જેને ઉચ્ચ કોટીના પ્રશમસાર યુક્ત ધર્માનુષ્ઠાન પ્રાપ્ત થાય અને તેમાં નિર્મળ આનંદ ભોગવતા આત્માઓને ભોગી કહેવાશે.

બ. ધર્મશાસ્ત્રો માં કહ્યા મુજબ પરમાત્માના એ શાસ્ત્રોનો અર્થ સમજીને પરમાત્મા પ્રત્યે અત્યંત ભક્તિ ભાવે અનુષ્ઠાન આચરનારા વ્યક્તિ ભલે એ શ્રાવક હોય કે સાધુ તે વચન અનુષ્ઠાન આચરનારા કહેવાશે.

ક. સાતમા ગુણસ્થાનથી ઉપર રહેલા મુનિ ભગવંતો એકલા રહેવાનું પસંદ કરે છે. તેમને કોઈનો સંગ ન ગમતો હોવાથી તેમની દરેક ધર્મક્રિયા અસંગ અનુષ્ઠાન કહેવાશે.

ડ. ધર્મ આરાધનામાં આદરભાવ સહીત કંઇક સમજણ પૂર્વક પરમાત્મા પ્રત્યે અનન્ય પ્રીતિ પૂર્વક ધર્માનુષ્ઠાન આચરવું તેને પ્રીતિ અનુષ્ઠાન કહેવાય છે.

૧૫. નીચે આપેલ વ્યાખ્યાઓ માં કયો વિકલ્પ તેના અર્થને અસંગત નથી?

ક. વિજાતીય એવા ક્ષણિક વૈરાગ્ય અને ક્ષણિક રાગયુક્ત એવી ધારા તોડનાર પરિણામ.

ખ. પતનના ભય રહિત સ્થિરતા પૂર્વક મુક્તિ તરફ આગળ લઈ જનાર અનુષ્ઠાન.

ગ. રાગદશા નષ્ટ થયેલ હોય, અત્યંત શાંત રસના વહેતા પ્રવાહમાં વ્યાકુળતા અને ચિત્ત અસમાધી રહિત આચરેલ અનુષ્ઠાન.

ઘ. મુક્તિનો અસાધારણ, કલ્યાણકારી માર્ગ સમાન અનુષ્ઠાન

અ. ક. બૌદ્ધો દ્વારા પ્રરૂપેલ વિસભાગક્ષય

ખ. મહાવ્રતિકો દ્વારા પ્રરૂપેલ ધ્રુવાધ્વા

ગ. સાંખ્યો દ્વારા પ્રરૂપેલ પ્રશાન્તવાહીતા

ઘ. શૈવો દ્વારા પ્રરૂપેલ શિવવર્ત્મ

બ. ક. મહાવ્રતિકો દ્વારા પ્રરૂપેલ ધ્રુવાધ્વા

ખ. બૌદ્ધો દ્વારા પ્રરૂપેલ વિસભાગક્ષય

ગ. સાંખ્યો દ્વારા પ્રરૂપેલ પ્રશાન્તવાહીતા

ઘ. શૈવો દ્વારા પ્રરૂપેલ શિવવર્ત્મ

ક. ક. બૌદ્ધો દ્વારા પ્રરૂપેલ ધ્રુવાધ્વા

ખ. મહાવ્રતિકો દ્વારા પ્રરૂપેલ વિસભાગક્ષય

ગ. સાંખ્યો દ્વારા પ્રરૂપેલ પ્રશાન્તવાહીતા

ઘ. શૈવો દ્વારા પ્રરૂપેલ શિવવર્ત્મ

ડ. ક. બૌદ્ધો દ્વારા પ્રરૂપેલ વિસભાગક્ષય

ખ. મહાવ્રતિકો દ્વારા પ્રરૂપેલ ધ્રુવાધ્વા

ગ. શૈવો દ્વારા પ્રરૂપેલ પ્રશાન્તવાહીતા

ઘ. સાંખ્યો દ્વારા પ્રરૂપેલ શિવવર્ત્મ

# પરા દ્રષ્ટિ

**વિભાગ ૧ - નીચે આપેલ વિકલ્પમાંથી સાચો ઉત્તર આપો. (દરેકના ૧ માર્ક)**

૧. પરાદ્રષ્ટિ સંબંધી સમ્યક વિકલ્પ શોધો.
   અ. ચંદ્રતુલ્ય નિર્મલ બોધદશા હોય છે.
   બ. અતિચાર અલ્પ સેવે છે.
   ક. મહાત્માની પ્રવૃત્તિ અલોકોત્તર હોય છે.
   ડ. આત્મસ્વભાવમાં કિંચિદ્ પ્રવૃત્તિશીલ છે.

૨. પરાદ્રષ્ટિ સંબંધી સમ્યક વિકલ્પ શોધો.
   અ. પ્રવૃત્તચક્રયોગીઓ ત્રણ અવંચક યોગને પામેલા છે.
   બ. સ્થિરતા સિદ્ધિને પ્રાપ્ત કરનારા યોગી છે.
   ક. અપોહ આદિ આઠ ગુણોથી યુક્ત છે.
   ડ. ઈચ્છા, પ્રવૃત્તિ મેળવવાની તલપ હોય છે.

૩. અસમ્યક વિકલ્પ પસંદ કરો.
   અ. સામર્થ્યયોગનાં બે ભેદ છે.
   બ. ધર્મસન્નયાસ યોગ ૮થી ૧૨ ગુણઠાણાની અંદર છે અને ક્ષયોપશમ ભાવના ગુણોનો પણ ત્યાગ કરે છે.
   ક. યોગસન્નયાસ ૧૨માં ગુણઠાણાના અંતે આવે છે.
   ડ. ઈક્કોવી નમુક્કારો એટલે એક પણ કરેલો નમસ્કાર.

૪. સાચો વિકલ્પ પસંદ કરો.
   અ. જે જીવ સદા વ્યાધિયુક્ત જ છે તે વ્યાધિમુક્ત કહેવાય છે.
   બ. ભવનો રોગી જીવ ધર્મ ચિકિત્સા દ્વારા ભવવ્યાધિથી મુક્ત થાય છે.
   ક. ક્ષીણ વ્યાધિયુક્ત જીવ વ્યાધિમુક્ત કહેવાય છે.
   ડ. ધર્મની હાનિ દેખી પુનર્જન્મ ગ્રહણ કરનાર વ્યાધિમુક્ત છે.

૫. અયોગ્ય વિકલ્પોનો ત્યાગ કરો.
   અ. તત્ત્વ સાંભળનારા શ્રોતાની સભા ચાર પ્રકારની છે.
   બ. યોગ્ય આત્માને ગ્રંથો ભણાવવા આચારાંગમાં કહ્યું છે.

ક. ગુણ અવગુણનો ભેદ કરી ન શકે તે જ્ઞાયક

ડ. હું તમને અર્થો સારી રીતે સમજાવીશ તે દુર્વિદગ્ધ શ્રોતા છે.

૬. નીચેના વિકલ્પોમાંથી સમરહિત વિકલ્પ શોધો?

અ. પુષ્ટ હોવા છતાં પણ અસમર્થ પુરુષને પરમાન્ન અપાતું નથી.

બ. ખોટી વસ્તુ એટલી બધી ફેલાઈ જાય છે કે જેથી સાચી વસ્તુ ખોટી ભાસે છે.

ક. યોગશાસ્ત્રનો ઉપદેશક યોગ્ય / અયોગ્ય બન્ને પ્રકારના શ્રોતાને ગુપ્ત ભાવો સમજાવનાર પંડિતોની પર્ષદામાં બહુમાન પામશે કિન્તુ કદર્થના નહીં પામે.

મ. યોગશાસ્ત્રોનો ગુપ્તાર્થ વક્તા અને શ્રોતા વચ્ચે અંતર ભાંગી ગયું હોય તેઓને જ આપવા યોગ્ય છે.

૭. નીચે આપેલ વાક્યો સાચા અથવા ખોટા છે તેના વિકલ્પોમાં ક્રમિક સાચો વિકલ્પ પસંદ કરશો.

ક. બંધના કારણોમાં અપ્રવૃત્તિ અને મોક્ષના કારણોમાં નિવૃત્તિનું જ્ઞાન થવું તે અવેદ્ય સંવેદ્ય પદ કહેવાય છે.

ખ. સંગમના ઘોર ઉપસર્ગને સહન કરતા પ્રભુ વીરને ભગવાન કહેવાય?

ગ. પ્રાણાયામ નામનું યોગાંગ આ દ્રષ્ટિમાં પ્રાપ્ત થાય છે અને તત્ત્વશ્રવણ દોષ દૂર થાય છે.

અ. સાચું, સાચું, સાચું　　　બ. સાચું, ખોટું, સાચું

ક. ખોટું, ખોટું, ખોટું　　　ડ. ખોટું, સાચું, સાચું

૮. પરા દ્રષ્ટિ વિષે કયું વાક્ય અયથાર્થ નથી?

અ. પરા દ્રષ્ટિ ક્ષપક શ્રેણીના શરૂઆત થી કેવલજ્ઞાન સુધી હોય છે.

બ. પરા દ્રષ્ટિમાં આઠમાં થી લઈને બારમાં ગુણસ્થાને ઉદયરહિત ક્ષયોપશમ ભાવ હોય છે.

ક. પરા દ્રષ્ટિ શ્રેષ્ઠ માં શ્રેષ્ઠ એવા ઉપશમ ભાવને જીવ પામે છે.

ડ. પરા દ્રષ્ટિ વધુ નિર્જરા અને વધુ સંવરવાળી હોય છે માટે અનંતર પણે મુક્તિ પ્રાપ્ત થાય છે.

૯. પરા દ્રષ્ટિ વિષે આપેલ વાક્યો સાચા અથવા ખોટા છે તેના વિકલ્પોમાં ક્રમિક સાચો વિકલ્પ પસંદ કરશો.

ક. પરા દ્રષ્ટિમાં પહોંચેલ મનુષ્ય જ દેવ બની શકે છે.

ખ. પરા દ્રષ્ટિ કાળે જ આત્માના સર્વ શત્રુઓનો નાશ શક્ય છે, અન્ય કોઈ દ્રષ્ટિમાં નહીં.

ગ. પરા દ્રષ્ટિમાં કેવળજ્ઞાન બાદ શેષ રહેલ જીવન ધર્મ દેશના આપતા પરોપકારમાં જ પસાર થાય છે.

અ. સાચું, સાચું, સાચું    બ. સાચું, ખોટું, સાચું

ક. ખોટું, ખોટું, ખોટું    ડ. ખોટું, સાચું, સાચું

૧૦. નીચે આપેલ વાક્યોમાંથી સાચું વાક્ય પસંદ કરો.

અ. ચંદ્ર એ સૂર્ય કરતા વધુ તેજસ્વી હોવાથી સાતમી દ્રષ્ટિમાં સૂર્ય સમાન અને આઠમી દ્રષ્ટિમાં ચંદ્ર સમાન આત્માની જ્ઞાન દશા બતાવી છે.

બ. યોગોના ત્યાગ ને યોગ સન્નૂયાસયોગ કહેવાય છે જે બારમાં ગુણસ્થાન ને અંતે આવે છે.

ક. પરાદ્રષ્ટિના અંતે પહોંચેલ જીવ નિરાચાર અને નિરાતિચાર યુક્ત હોય છે.

ડ. ક્ષયોપશમ ભાવ ઉદય નિરપેક્ષ અને ક્ષયિક ભાવ ઉદય સાપેક્ષ હોય છે.

## વિભાગ ૨ - ખાલી જગ્યા પૂરો (દરેકના ½ માર્ક)

૧. પરા દ્રષ્ટિમાં પહોંચેલ યોગી પુરુષો  વાળા હોય છે.

અ. નિઃસ્પૃહદશા    બ. સ્પૃહદશા    ક. મુક્તદશા    ડ. યોગ અનિરોધદશા

૨. સાતમી દ્રષ્ટિ કાળે જીવ  ગુણસ્થાનમાં હોય છે.

અ. ૫-૬-૭    બ. ૮-૯    ક. ૫-૬-૭-૮-૯    ડ. ૭-૮

૩. નાણંમિની આઠ ગાથાઓને  ની ગાથા પણ કહેવાય છે.

અ. આચાર    બ. અતિચાર    ક. અનાચાર    ડ. નિરાચાર

૪. આત્મી દ્રષ્ટિ કાળે  ભાવે જ પ્રવૃત્તિ થાય છે.

અ. પર    બ. સહજ    ક. કર્તા    ડ. ઉપશમ

૫. સામર્થ્ય યોગના  અને  ભેદ બતાવવામાં આવ્યા છે.

અ. ધર્મ, યોગ    બ. ધર્મસન્નૂયાસ, યોગસન્નૂયાસ

ક. ક્ષમા, નમ્રતા    ડ. સ્વભાવ, પરભાવ

૬. અતિચાર લાગવામાં કારણભૂત  હોય છે.

અ. ફક્ત ૯ નોકષાય    બ. ૯ નોકષાય અને સંજ્વલન કષાય

ક. સર્વ કષાય    ડ. મોહનીય કર્મ

૭. કર્મોમાં રાજા સમાન  છે.
અ. મોહનીય  બ. દર્શનાવરણીય  ક. જ્ઞાનાવરણીય  ડ. અંતરાય

૮. જૈન દર્શનમાં બતાવેલ યોગીઓના ચાર પ્રકારોમાં ત્રીજો પ્રકાર  છે.
અ. કુલયોગી  બ. પ્રવૃત્તચક્રયોગી  ક. નિષ્પન્નયોગી  ડ. ગોત્રયોગી

૯. પ્રવૃત્તચક્રયોગી  ને પામેલા અને  ને પામવાની ઈચ્છાવાળા હોય છે.
અ. યમદ્વયલાભી, પરદુગઅર્થી  બ. ઈચ્છા, પ્રવૃત્તિ
ક. સ્થિરતા, સિદ્ધિ  ડ. સિદ્ધિ, પ્રવૃત્તિ

૧૦. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ  ગ્રંથોના રચયિતા છે.
અ. ૧૯૪  બ. ૧૪૪૪  ક. ૮૦૭  ડ. ૧૪૦૦

**વિભાગ ૩ - મને ઓળખો** **(દરેકના ½ માર્ક)**

૧. યોગ દશા સિદ્ધ કરી ચૂકનાર યોગી.
અ. કૂલ યોગી  બ. નિષ્પન્ન યોગી  ક. પ્રવૃત્તચક્ર યોગી  ડ. ગોત્ર યોગી

૨. કંઈક અંશે યથાર્થ તત્ત્વ જાણનાર અથવા જાણવા જિજ્ઞાસુ એ લક્ષણ.
અ. અદ્વેષ  બ. દ્વિજપ્રિય  ક. દયાળુતા  ડ. ગુરુપ્રિય

૩. જયણા પાલન કરવાની વૃત્તિ એ લક્ષણ.
અ. દેવપ્રિય  બ. દયાળુતા  ક. ઉપયોગયુક્ત  ડ. અદ્વેષ

૪. આત્મગુણમાં પરિણામ પામેલી સર્વે પણ ધર્મમય ક્રિયાઓ આત્માના સ્વભાવભૂત બને છે તે યોગ.
અ. યોગસન્નયાસ યોગ  બ. ધર્મસન્નયાસ યોગ  ક. સમાધિ યોગ  ડ. કાયયોગ

૫. મોહનીય-જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-અંતરાય કર્મનો ક્ષય થતા જીવ પ્રાપ્ત કરે છે.
અ. સર્વજ્ઞ કેવલી પદ  બ. કાન્તા દ્રષ્ટિ
ક. પરા દ્રષ્ટિ  ડ. પરમસ્વરૂપ પદ

૬. ઓઘદ્રષ્ટિ થી શરુ કરેલ યાત્રા યોગદ્રષ્ટિમાં પ્રવેશી આ દ્રષ્ટિમાં યાત્રા સમાપ્ત કરે છે.
અ. મિત્રાદ્રષ્ટિ  બ. પરાદ્રષ્ટિ  ક. કાન્તાદ્રષ્ટિ  ડ. પ્રભાદ્રષ્ટિ

૭. ભવવ્યાધિમાંથી મુક્ત થતો આત્મા શૂન્યાત્મક એટલે કે અસ્તિત્વ રહિત બને છે એવું માનતું દર્શન.
અ. સાંખ્ય  બ. બૌદ્ધ  ક. જૈન  ડ. ત્રણમાંથી એક પણ નહીં

૮. ગ્રહણ કરેલ અર્થમાંથી સંશય દૂર કરનાર ગુણ.

અ. ગ્રહણ    બ. ધારણા    ક. વિજ્ઞાન    ડ. તત્ત્વાભિનિવેશ

૯. યમધર્મનું યથાર્થ પાલન અને વાસનાઓ છોડી આત્માના ઉપકાર અર્થે જે પાલન થાય તે યમ.

અ. ઈચ્છાયમ    બ. સિદ્ધિયમ    ક. પ્રવૃત્તિયમ    ડ. સ્થિરતાયમ

૧૦. સાંભળેલી વાણીને ભૂલી ન જવી તે ગુણ.

અ. શુશ્રુષા    બ. ધારણા    ક. શ્રવણ    ડ. તત્ત્વાભિનિવેશ

## વિભાગ ૪ – નિર્દેશ પ્રમાણે ઉત્તર આપો (દરેકના ૨ માર્ક)

૧. ઉલ્લેખ સહિત સંખ્યા પસંદ કરો.

ક. ક્ષપકશ્રેણીના અંતે કઈ દ્રષ્ટિનો પ્રારંભ થાય છે?

ખ. પૂર્વબદ્ધ સર્વ કર્મોની નિર્જરા અને સર્વસંવર ભાવ કયા ગુણઠાણે હોય છે?

ગ. સ્વભાવદશાની સ્થિરતામાં જીવને કયું અંગ પ્રગટે છે?

ઘ. કયા ક્રમાંકનો દોષ જવાથી યોગી આત્માને અતિચારો લાગતા નથી?

ચ. પરાદ્રષ્ટિકાળે કયા ગુણસ્થાનકોનાં સમાન ધર્મક્રિયામાં પણ તરતમતા છે?

છ. પ્રત્યેક દ્રષ્ટિમાં કેટલા ભાવો સમજવા યોગ્ય છે?

જ. દ્રષ્ટિ, અંગ, દોષ, ગુણ, બોધ આ બધું જે વિશેષતાઓ સુચવે છે તેનો અંક જણાવો.

અ. ૮, ૧૩, ૮, ૮, ૮-૧૨, ૪, ૮    બ. ૮, ૧૪, ૮, ૮, ૯ થી ૧૨, ૪, ૮

ક. ૭, ૧૪, ૭, ૭, ૮-૧૨, ૩, ૯    ડ. ૮, ૧૩, ૮, ૮, ૯ થી ૧૨, ૪, ૮

૨. મને ઓળખો.

૧. 'હું આવું આવું આચરણ કરું' આ વિચાર નીકળી જવું

૨. પરતત્ત્વ જોવાની તીવ્ર તાલાવેલી

૩. યોગદશા સિદ્ધ આત્મા છે.

૪. સમ્યક્તત્ત્વ સાંભળવાની ઉત્કંઠા

૫. સહજ સુગંધ આપનાર ચંદન તુલ્ય ક્ષમા ગુણ સ્વતઃ પ્રગટે છે.

અ. પ્રવૃત્તિગુણ, દિદક્ષા , નિષ્પન્ન યોગી, શુશ્રુષા, પરાદ્રષ્ટિ

બ. પરભાવ દશા, દિદક્ષા , નિષ્પન્ન યોગી, જીજ્ઞાસા, યોગસન્યાસ યોગ

ક. પ્રવૃત્તિગુણ, દિક્ષા , અયોગી, શુશ્રુષા, ક્ષપકશ્રેણી

ડ. પ્રવૃત્તિગુણ, દિદક્ષા , ધર્મસન્યાસ યોગી, શુશ્રુષા, પરાદ્રષ્ટિ

૩. જોડકાઓનું યુંજન સમ્યક રીતે કરો?

| | |
|---|---|
| ૧. ધારણા | અ. અનુપપત્તિ |
| ૨. જ્ઞાયક | ઇ. ત્રીજાગ્રંથમાં |
| ૩. પ્રવૃત્તચક્રયોગી | ઈ. બૌદ્ધ |
| ૪. ક્ષીરનીર | ઉ. ભેદ કરનાર |
| ૫. અપોહ | ઊ. સૂર્ય તેજ |
| ૬. અભાવાત્મક | ઋ. અવિસ્મૃતિ |
| ૭. ૨૨૮ | ૠ. ત્રણ શ્રોતા |
| ૮. નંદીસૂત્ર | ઇં. મોટું અનર્થ |
| ૯. પરાદ્રષ્ટિ | ઈં. રાજહંસ |
| ૧૦. અવજ્ઞા | ઉં. નિરુપાધિક |

અ. ૧-ઋ, ૨-ઉ, ૩-ઊ, ૪-ઈં, ૫-ઈ, ૬-ઇ, ૭-અ, ૮-ૠ , ૯-ઉં, ૧૦-ઇં

બ. ૧-ઉં, ૨-ઉ, ૩-ઋ, ૪-ઈં, ૫-અ, ૬-ઈ, ૭-ઇ, ૮-ૠ , ૯-ઊ, ૧૦-ઇં

ક. ૧-ઋ, ૨-ઊ, ૩-ઉ, ૪-ઉં, ૫-અ, ૬-ઈ, ૭-ઇ, ૮-ૠ , ૯-ઈં, ૧૦-ઇં

ડ. ૧-ઋ, ૨-ઉ, ૩-ઊ, ૪-ઈં, ૫-અ, ૬-ઈ, ૭-ઇ, ૮-ૠ , ૯-ઉં, ૧૦-ઇં

૪. નીચે રહેલા વ્યાખ્યાઓના શબ્દ જણાવો.

ક.: પ્રથમના બે ભેદ ઈચ્છા, પ્રવૃત્તિ તેને પ્રાપ્ત કરનાર યોગી તે...

ખ.: સામર્થ્ય યોગનો પ્રથમ ભેદ છે. ક્ષાયિક ભાવના ગુણોની જે પ્રાપ્તિ તે...

ગ.: ઉત્કટ કોટિના નાનાદિ ગુણો તેમાં આ આત્માનું સહજ ભાવે જે પ્રવર્તન તે પ્રવૃત્તિ આઠમો ગુણ પ્રગટ થાય છે.

ઘ.: કામક્રોધાદિ વિકારો અને સર્વ વાસનાઓ તે ભાવરોગ છે.

ચ.: સ્થિરતા અને સિદ્ધિ બે મેળવવાની આતુરતાવાળા

છ.: હરણીયાઓના બચ્ચાની જેમ જે શ્રોતાઓ અતિશય મુગ્ધ ભદ્રિક છે. વિવેક કરવામાં અસમર્થ જાણવા.

અ. યમલાભી, અધર્મસન્નયાસયોગ, અપ્રવૃત્તિ દોષ, ભાવરોગ, પરદુગઅર્થી, અજ્ઞાયક
બ. યમદ્વયલાભી, યોગસન્નયાસયોગ, પ્રવૃત્તિ ગુણ, કાયારોગ, પરાર્થી, જ્ઞાયક
ક. યમદ્વયલાભી, ધર્મસન્નયાસયોગ, પ્રવૃત્તિ ગુણ, ભાવરોગ, પરદુગઅર્થી, અજ્ઞાયક
ડ. પરદુગઅર્થી, ધર્મસન્નયાસયોગ, પ્રવૃત્તિ ગુણ, ભાવરોગ, યમદ્વયલાભી, અવિવેકી

૫. નીચે રહેલા વિકલ્પોમાંથી બુદ્ધિના આઠ ગુણ ક્રમિક લખો.
ક. બબી અર્થ સહિત સાંભળેલ જીનવાણી ભૂલતી નથી.
ખ. મમતાને સમ્યક તત્ત્વ જાણવાની ઉત્કંઠા છે.
ગ. અમરને કઠીન પદાર્થ ‘સમ્મતિ તર્ક’ વગેરેનો સ્પષ્ટ બોધ થાય છે.
ઘ. સુજાતા ગુરુ મુખેથી સાચું તત્ત્વ સાંભળ્યા કરે છે.
ચ. કમલ પૂર્વાપર રીતે અનુસંધાન વાસ્તવિક વિચારે છે.
છ. સાધના આચાર્ય ભગવંત પાસેથી અર્થ સાપેક્ષ વાણી સ્વીકારે છે.
જ. સંયમી દલિલો કર્યા પછી આદર સહિત યુક્તિયુક્ત તત્ત્વ ઝંખે છે.
ઝ. કમલા અનુપપત્તિ પદાર્થનો ત્યાગ કરે છે.
અ. ગ, ઘ, ક, ખ, જ, ઝ, ચ, છ બ. ખ, ઘ, ક, ગ, ચ, ઝ, જ, છ
ક. ખ, ઘ, છ, ક, ગ, ચ, ઝ, જ ડ. ક, ખ, ગ, ઘ, ચ, છ, જ, ઝ

૬. નીચે આપેલ વર્ણન કયા પ્રકારના યોગીનું છે તે જાણી ક્રમસર યોગીઓના પ્રકાર જણાવતો વિકલ્પ પસંદ કરો.
ક. અનુપમાદેવી કેવલી પર્ષદામાં બેસી શ્રીસીમંધર સ્વામીની દેશના શ્રવણ કરે છે.
ખ. માનવ પ્રતિદિન જીનપૂજા, સામાયિક, રાત્રિભોજન ત્યાગ, નવકારમંત્રનો જાપ કરે છે જો રહી જાય તો બીજે દિવસે સ્કૂલમાં જતો નથી.
ગ. કુશલ જન્મથી જૈન કિન્તુ ધર્મ પ્રત્યે અણગમો છે.
ઘ. આગમને ગુરુભગવંતનો સત્સંગ ઘણો ગમે છે. પરંતુ અભ્યાસ નથી તો પણ અચૂક ગુરુ વંદન કરે છે.
અ. ગ, ખ, ઘ, ક બ. ક, ખ, ગ, ઘ ક. ક, ગ, ખ, ઘ ડ. ગ, ખ, ક, ઘ

૭. નીચે રહેલ વિકલ્પોમાંથી યમના ચાર ભેદોને સમ્યક રીતે જણાવતો વિકલ્પ બતાવો.
ક. કર્ણિકા અહિંસાનું પાલન માન, હાસ્ય રહિત આત્માના ઉપકાર કાજે કરે છે.
ખ. રામ નિર્દોષ બ્રહ્મચર્યનું આચરણ કરી સ્વયં ફળ અનુભવે છે. તેમ જ ઉત્કૃષ્ટ ગુણ સ્વ-પર આસ્વાદિ છે.
ગ. પારકી વસ્તુ લેવાની કુટેવ કાન્તામાં સહેજે નથી પરંતુ સર્વનાં ગુણ ગ્રહણ કરવાની ભાવના રાખે છે.

ઘ. કનિષ્ઠાને સામગ્રી ભેગી કરવાનો રસ નથી તેમ જ જુઠ્ઠું ક્યારે પણ બોલતી નથી એ પ્રમાણે નિત્ય ક્રમ જીવનમાં વણાઈ ગયો છે.

અ. ક - ઈચ્છાયમ, ખ - પ્રવૃત્તિયમ, ગ - સ્થિરતાયમ, ઘ. સિદ્ધિયમ

બ. ગ - ઈચ્છાયમ, ક - પ્રવૃત્તિયમ, ખ - સ્થિરતાયમ, ઘ. સિદ્ધિયમ

ક. ગ - ઈચ્છાયમ, ઘ - પ્રવૃત્તિયમ, ક - સ્થિરતાયમ, ખ. સિદ્ધિયમ

ડ. ગ - ઈચ્છાયમ, ક - પ્રવૃત્તિયમ, ઘ - સ્થિરતાયમ, ખ. સિદ્ધિયમ

૮. નીચે રહેલ કુલયોગીના લક્ષણો પશ્ચાનુપૂર્વી ક્રમથી જણાવો.

ક. ચૈત્યને પ્રભુ પ્રત્યે અપાર સ્નેહ છે.

ખ. અક્ષત જ્યારે ત્યારે સાચું સંશોધન કરવામાં તત્પર રહે છે.

ગ. કર્માશાહનું હૃદય દુઃખી જીવો ઉપર પ્લાવીત થાય છે.

ઘ. ચંપક પંચમ મહાવ્રતધારીઓને નીરખી ગદ્ગદિત બને છે.

ચ. હસમુખ સુપાત્ર, અનુકંપા વગેરે દાન ભાવવિભોર બની આપે છે.

છ. નિલય જે પણ આત્મતત્ત્વ જાણે તુરત સંવેગ સાપેક્ષ લાગણી પ્રગટ કરે છે.

અ. ક, ખ, ઘ, ઘ, ચ, છ      બ. છ, ચ, ઘ, ગ, ખ, ક

ક. ચ, ગ, છ, ક, ઘ, ખ      ડ. ખ, ઘ, ક, છ, ગ, ચ

૯. આ દ્રષ્ટિમાં પ્રવેશેલા મહાત્માઓ કેવી દશામાં હોય તે જણાવો?

અ. આ મહાત્મા શુભ પ્રવૃત્તિ કરવાની ઇચ્છામાં સ્થિર થઈ ગયા હોવાથી, મોહના વિકારોના અભાવે પરમ સમાધિ ગુણમાં રમતા હોય છે. કારણ, તેઓએ તે ગુણ સાધી લીધો છે.

બ. આ જીવો આલંબનથી નિરપેક્ષ હોવાથી લોકપ્રિય બનીને સંસારી જીવોને શીતલતા આપી, અહંકાર રહિત, સ્વભાવસ્થ ભાવમાં રહી સારું આચરણ કરે છે.

ક. આ દ્રષ્ટિમાં આવેલો જીવ ક્ષયોપશમ ભાવની પરાકાષ્ઠાવાળો થઈને ક્ષાવિક ભાવવાળો થાય છે. તેથી તેઓમાં મોહનીયનો અંશ લેશમાત્ર જ હોવાથી સમાધિ નામનું છેલ્લું અંગ પ્રવર્ત્તે છે.

ડ. આ જીવ યમ-નિયમ આદિ અંગો સિદ્ધ કરતાં પ્રવૃત્તિ નામક છેલ્લું અંગ પ્રાપ્ત કરતાં નિરતિચાર સાધના કરતો મુક્તિને પ્રાપ્ત કરે છે.

૧૦. સામર્થ્ય યોગને પામેલા જીવની કક્ષાના વિવરણમાં કયો વિકલ્પ સત્ય હોવા છતાં પણ તમે અસત્ય કહેશો?

અ. જીવમાં જ્યારે ક્ષયોપશમ ભાવ ના ગુણોનાં અભાવ થયો હોય, અને ક્ષાયિક ગુણો પ્રગટ થયા હોય, ત્યારે જીવ આત્માના સહજ ભાવે વર્તે છે. અને તેનો પ્રકાશ ચંદ્ર પ્રભા તુલ્ય હોય છે.

બ. જીવ જ્યારે કેવલજ્ઞાન પામવાનો હોય તેની પૂર્વે તેમને ધર્મ સન્યાસ યોગ હોય અને નિર્વાણ પામવાની પૂર્વે સંન્યાસ યોગ હોય છે. આ બંને સામર્થ્ય યોગના પ્રકાર છે.

ક. આ જીવને આશય હોતો નથી. ત્યાં સમાધિ નામનું છેલ્લું અંગ અને પ્રવૃત્તિ નામનો છેલ્લો ગુણ હોય છે. અને તે જીવ પરા દ્રષ્ટિનો માલિક હોય છે, અને રત્નની લે-વેચ કરનાર રત્ન દર્શનકાર જેવી તેમની ક્રિયા હોય છે.

ડ. આ જીવ દ્વારા પરમ સ્વરૂપને સાક્ષાજ્ જોવાની ઈચ્છા તીવ્રતર થઈ હોવાથી સામર્થ્ય યોગથી કર્મો ખપાવી, લબ્ધિઓને અનુભવનારા આત્માની અનંત જ્ઞાન માટે સાધના આરંભાય છે. તેથી આ જ ભવમાં મુક્તિ નિશ્ચિત થાય છે.

૧૧. પરા દ્રષ્ટિમાં પ્રવેશેલા મહાત્માઓનાં વિવરણમાં કયાં મહાત્માઓ આ દ્રષ્ટિમાં આવે તે જણાવો?

અ. પરમ તત્ત્વને જોવાની તીવ્ર ઇચ્છાથી, કોઈ પણ અનુષ્ઠાન પ્રત્યે આગ્રહી ન હોવાથી અને આસંગ પૂર્વકનો હોવાથી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવે જે યોગ ઉપકારી હોય તેને સ્વભાવસ્થ પણે જ આચરે છે.

બ. આ દ્રષ્ટિવાળો જીવ પ્રશમ ભાવથી વહેતો ચંદન તુલ્ય ગંધવાળો, સહજ સ્વભાવ ભૂતગુણરમણતા સહિત અને ક્ષાયિક ભાવના ઉદય રહિત હોય છે.

ક. આ મહાત્મા વેદ્યસંવેદ્ય પદના પ્રતાપે સર્વથા નિઃસ્પૃહ થઈને સર્વ (બાહ્ય અને આંભ્યતર) શત્રુઓનો ક્ષય કરે છે તથા દ્રવ્યરોગો અને ભાવરોગોનો સર્વથા ક્ષય કરવાવાળા આ આત્માઓ શુદ્ધ નિરંજન નિજ આત્મ સ્વરૂપને અનુભવનારા બને છે.

ડ. આ જીવો ધ્યાનને વિશિષ્ટ સાધે છે. જેથી તેઓને ઉચ્ચ કોટિની સમજણ વિકસે છે અને પરિપૂર્ણ અને અપરાભાવની એવી જ્ઞાન દશા એમની નજીક આવે છે.

૧૨. યોગ સંબંધી સાધના કરનાર યોગીજનોને સમક્ષ રાખી કયા વિકલ્પમાં અસત્યતાનો અભાવ છે?

અ. કુલયોગી જીવો યોગીઓના કુલમાં જન્મ્યા હોવાથી ગુરુ પ્રિય તો હોય જ છે. તેથી ગુરુ પાસેથી વાણી સાંભળી તેના અર્થને ગ્રહણ કરવા તત્પર હોય છે.

બ. સ્થિરતા યમમાં આવેલા જીવની પ્રવૃત્તિ એટલી ઉચ્ચ કોટિની થઈ ગઈ હોય છે કે નિરતિચારથી આરાધાતી પ્રવૃત્તિ તેઓ બીજામાં પણ સંપાદન કરી શકે.

ક. ક્રિયા શૂન્ય ભાવ અને ભાવ શૂન્ય ક્રિયામાં એટલું તો અંતર હોય છે કે જેટલો સૂર્યનો પ્રકાશમાં અને આગીયાના પ્રકાશમાં અંતર હોય... જ્યારે ગોત્રયોગી જીવ આગીયાના સ્થાને હોવાથી પોતાનું કલ્યાણ સાધવા સમર્થ હોય છે.

ડ. કુલયોગી જીવોને તત્ત્વ જાણવાી ઉત્કૃષ્ટ જિજ્ઞાસા હોવાથી અને નિરાગ્રહી હોવાથી, શક્તિ ગોપવ્યા વિના અનુષ્ઠાનોમાં સતત ઉપયોગવાલા યોગના ચક્રને પ્રવર્તન કરવામાં સતત પ્રવૃત્તિશીલ જ હોય છે.

૧૩. સંપૂર્ણ આઠમી દ્રષ્ટિમાં આપેલા વર્ણનના અનુસારે કયો વિકલ્પ આપને સમંજસ ભાસે છે?

અ. કુલયોગી આત્માઓને અહિંસાદિ 'યમ' ધર્મની ઇચ્છા હોવાથી તેઓ નિરીહ ન હોઈ શકે. આ દ્રષ્ટિમાં બધા જ નિરીહ હોય તેથી આ આત્માઓ આઠમી દ્રષ્ટિમાં ન આવે.

બ. યોગના ગ્રંથ અતિ ગુહ્ય હોવાથી તે ભણનાર માટે ગુરુની આવશ્યકતા ન રહે, કેમ કે તે જીવોમાં ગુરુ શિષ્ય વચ્ચેનું અંતર ભાંગી ગયું હોય છે. તેથી ઉપદેશકોએ આ ભાવ સમજાવવા.

ક. આઠમી દ્રષ્ટિમાં પ્રવેશેલા જીવો અતિચારનું સેવન કરતા નથી. તેઓ નિરાચાર પદવાલા હોય છે, તેથી તેઓ જ્યારે પ્રતિક્રમણ કરે ત્યારે તેમને 'નાણંમિ' સૂત્રનો કાઉસગ્ગ ન કરવાનો હોય કારણ કે તે અતિચારની આલોચના માટે છે.

ડ. પૂ. ઉપા. યશો વિજય મ.સા.એ આ ગ્રંથ ફક્ત કુલયોગી અને પ્રવૃત્ત ચક્ર યોગીઓ માટે બનાવ્યો છે. તેઓ સિવાય જે અજ્ઞાયક કે દુર્વિદગ્ધ ભણે તેઓ મુષ્ટિના પ્રહાર યોગ્ય છે. કારણ તેઓ જ્ઞાયકની કક્ષામાં નથી.

૧૪. પરાદ્રષ્ટિ ને સિદ્ધ કરી ચૂકેલા યોગીઓ વિષે નીચે આપેલ વિકલ્પોમાંથી અસત્ય વિકલ્પ પસંદ કરો.

અ. આ યોગીઓ આસંગદોષના અભાવથી આત્માના સ્વભાવભૂત ક્ષાયિક ભાવમાં રમણતા કરે છે. ક્ષાયિકભાવના ગુણો નિરાતિચાર હોય છે અને ક્ષમા આદિ ગુણો સહજ હોય છે. આત્મા પોતાના જ ભાવથી ધર્મમય બને છે અને નિરાલંબન અવસ્થા પામેલો હોય છે.

બ. ક્ષયોપશમ ભાવના ગુણો ચાલ્યા જવાથી ધર્મસન્ન્યાસ નામનો સામર્થ્યયોગનો પ્રથમ ભેદ આ યોગીઓ માં પ્રવર્તે છે. અગાઉની દ્રષ્ટિઓમાં જે ક્રિયાઓ કરતા હતા તે જ ક્રિયાઓ તે જ રીતે કરે તો પણ તેમાં સૂક્ષ્મ ભિન્નતા હોય છે. આ ક્રિયાઓમાં આસંગ દોષ અને પ્રશમભાવની પ્રધાનતા હોય છે.

ક. આ યોગીઓ ઘનઘાતી કર્મોનો ક્ષય કરી પરંપરાએ મીક્તી સુખને વારે છે. આત્મામાં રહેલી અને આવિર્ભૂત થયેલ સર્વ લબ્ધિઓના ફળનું આસ્વાદન કરનારા હોય છે. જે પણ માનવ જીવન શેષ રહ્યું હોય તે ધર્મદેશના દ્વારા પરોપકાર કરવામાં પસાર કરતા હોય છે.

ડ. આ યોગીઓ વાસના અને વિકાર રહિત હોય છે. મુક્તિ પામેલી નહીં હોવા છતાં મુક્તિ સુખને અનુભવનારા હોય છે. તેમને અમાપ આત્મિક સુખ પ્રાપ્ત થયું હોય છે તેમ છતાં સર્વથા નિઃસ્પૃહતાવાળા અને ઈચ્છારહિત હોય છે. આ દ્રષ્ટિમાં રહેલ જીવ તેરમાં ગુણસ્થાનના અંતે સર્વ યોગોનો નિરોધ કરી શિવસુખને પામે છે.

૧૫. નીચે આપેલ વિકલ્પોમાંથી કર્યો એવો વિકલ્પ છે જેને સત્ય સાથે વિરોધ ન હોય?

અ. જે નામ માત્રથી યોગી હોય તે ગોત્ર યોગી કહેવાય. ભલે યોગીઓના કુળમાં જન્મ લીધો હોય પણ જો યોગધર્મ પ્રત્યે મનમાં કોઈ બહુમાન ન હોય, તેની યોગ્યતા ન કેળવી હોય તેવા વ્યક્તિને ગોત્ર યોગી કહેવાય. તેવા યોગીઓને યોગ ગ્રંથો ભણવાની જરૂરિયાત જ ન ભાસે.

બ. જે આત્માઓ યોગધર્મમાં સ્થિર બની તેને સિદ્ધ કરી ચૂક્યા છે તેવા યોગીઓને નિષ્પન્ન યોગી કહેવાય છે. આ યોગીઓ પ્રાયઃ તેરમાં અને ચૌદમાં ગુણસ્થાને હોય છે જે તે જ ભાવે મુક્તિ સુખને વરનાર હોય છે. આવા યોગીઓને યોગ ગ્રંથોનો અભ્યાસ કરવાની જરૂરિયાત જ નથી.

ક. કુલયોગી જીવો યોગીઓના કુળમાં જન્મ લઇ યોગની સાધના કરવા ઉત્સુક હોય છે. યથાર્થ તત્ત્વ જાણવા સતત જિજ્ઞાસુ હોય છે. યોગ ધર્મ સિદ્ધ થયો હોવાથી યોગને સમજેલા અને સમજાવનારા હોય છે. માટે ગુરુપ્રિય, દેવપ્રિય અને દ્વિજપ્રિય લક્ષણવાળા હોય છે. કુલયોગી ને યોગગ્રંથોનો અભ્યાસ ફળદાયી બને છે.

ડ. પાચ યમધર્મના ચાર ભેદોમાંથી ઈચ્છા અને પ્રવૃત્તિને પામેલા અને સ્થિરતા અને સિદ્ધિ ની સતત અભિલાષા જેમનામાં પ્રગટ થઇ હોય તેમને પ્રવૃત્તચક્ર યોગી કહેવાય. તે યોગીઓ યોગાવંચકને પામેલા હોય છે અને ક્રિયાવંચક તથા ફલાવંચકને પામવાની જિજ્ઞાસાવાળા હોય છે. આ યોગીઓને પણ યોગ ગ્રંથોનો અભ્યાસ ફળદાયી બને છે.

■

૧૪૪૪ ગ્રંથના રચયિતા આચાર્ય શ્રી હરિભદ્રસૂરી મહારાજા દ્વારા રચિત
'યોગ દ્રષ્ટિ સમુચ્ચય' ગ્રંથ પર આધારિત ઉપાધ્યાય યશોવિજયજી દ્વારા રચિત
'આઠ દ્રષ્ટિની સજ્ઝાય' પર આધારિત પાઠ્યક્રમ.

ઘરે બેઠાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરાવાનો સોનેરી અવસર

## -: શ્રુત પ્રસારક :-

| | |
|---|---|
| શેઠ શ્રીમાન્ તેજરાજજી બી. કોઠારી | ચેન્નઈ |
| શેઠ શ્રીમાન્ રમેશભાઈ એમ. મુથા | ચેન્નઈ |
| શ્રીમતી સુશીલાબેન મોહનભાઈ સંઘવી | ચેન્નઈ |
| શ્રીમતી લહરીબાઈ છગનલાલજી સંઘવી | ચેન્નઈ |

## -: શ્રુત ભક્ત :-

| | |
|---|---|
| શ્રી કિશોરભાઈ પી. સાકરીયા | ચેન્નઈ |
| મે. વર્ધમાન અંબીકા સારીઝ | ચેન્નઈ |
| શ્રી સંઘવી બાબુલાલ અચલાજી | ચેન્નઈ |
| શ્રી સંઘવી મહેન્દ્રકુમાર શાંતીલાલજી | ચેન્નઈ |
| જોગાણી અનિલાબેન કેશવભાઈ, હ. અશોકભાઈ ખિમત | મુંબઈ |
| રાણાવત વિજયભાઈ રાજકુમાર સોહનલાલજી | ચેન્નઈ |
| વિમલાબાઈ પુખરાજજી રતનપુરા ચૌહાન, હ. બીપીનભાઈ | ચેન્નઈ |
| હિરાચંદજી હસ્તીમલજી નાગોતરા સોલંકી | ચેન્નઈ |
| કામદાર એક્સપોર્ટસ્ - હ. પ્રકાશભાઈ | ચેન્નઈ |
| સંઘવી પ્રકાશચંદજી નેનમલજી દલરેચા | ચેન્નઈ |